અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ એકમ | અંક : ૧૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ભાજપે રાજસ્થાનમાં પણ નવા ચહેરાને તક આપી । દીયા સિંહ અને પ્રેમ ચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી, વાસુદેવ દેવનાનીને વિધાનસભાના અધ્યક્ષ બનાવાયા

## રાજસ્થાનમાં ભાજપે ભજનલાલ શર્માને મુખ્યમંત્રી બનાવ્યા

। જયપુર, તા.૧૨ ।

છત્તીસગઢ, મધ્યપ્રદેશ બાદ રાજસ્થાનમાં પણ ભાજપે મુખ્યમંત્રી તરીકે નવા ચહેરાને તક આપી ફરી સૌને ચોંકાવ્યા છે. રાજસ્થાનમાં ભજનલાલ શર્માને મુખ્યમંત્રી બનાવ્યા છે. આ સાથે જ ત્રણે રાજ્યોમાં મુખ્યમંત્રી જાહેર કરવાની સસ્પેન્સનનો અંત થયો છે. ભાજપે રાજસ્થાનમાં પણ નાયબ મુખ્યમંત્રી તરીકે બે નામની જાહેરાત કરી છે, જેમાં દીયા સિંહ અને પ્રેમ ચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. જ્યારે વાસુદેવ દેવનાનીને વિધાનસભા અધ્યક્ષ બનાવાયા છે. બ્રાહ્મણ જ્ઞાતિના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા સાંગાનેર બેઠક પરના ધારાસભ્ય છે, અને તેઓ પ્રથમ વખત ધારાસભ્ય બન્યા છે. આજે ભાજપ ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી, જેમાં ભજન લાલ શર્માના નામ પર મહોર મારી



દેવાઈ છે. રાજસ્થાનમાં નવા મુખ્યમંત્રીની નામની જાહેરાત કરવાની સાથે બે નાયબ મુખ્યમંત્રીના નામની પણ જાહેર કરી દેવાઈ છે. દીયા સિંહ અને પ્રેમ ચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. ભજનલાલ શર્માએ કોંગ્રેસના પુષ્પેન્દ્ર ભારદ્વાજને ૪૮૦૮૧ મતોથી હરાવ્યા હતા. ભજનલાલ શર્મા સંઘ અને સંગઠન બંનેના નજીકના ગણાય છે આ ઉપરાંત તેઓ ૪ વખત પ્રદેશ મહામંત્રી રહી ચૂક્યા છે. તેઓ આરએસએસઅને એબીવીપી સાથે સંકળાયેલા છે. ભરતપુરના રહેવાસી ભજનલાલ શર્મા લાંબા સમયથી ભાજપ માટે કામ કરી રહ્યા છે અને તેઓ પ્રદેશ મહામંત્રી તરીકે કાર્યરત છે. ભાજપે તેમને પહેલીવાર જયપુરના સાંગાનેર જેવી સુરક્ષિત બેઠક પરથી ચૂંટણી લડાવ્યા અને જીત્યા હતા. તેઓ પહેલીવાર જ વિધાનસભાની ચૂંટણી જીતીને મુખ્યમંત્રી બન્યા છે. વર્તમાન ધારાસભ્ય અશોક લાહોટીની ટિકિટ કાપીને ભજનલાલ શર્માને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રાજસ્થાનમાં ભાજપની જીત સૌથી મોટો પડકાર એ હતો કે, સીએમ તરીકે કોને પસંદ કરવામાં આવે પરંતુ હવે આ વાતનો અંત આવ્યો છે. રાજસ્થાનના સીએમની રેસમાં ઘણા નામો ચાલી રહ્યા હતા. આ યાદીમાં પહેલું નામ વસુંધરા રાજેનું હતું. તે રાજસ્થાનની કમાન સંભાળી ચૂકી છે. આ સિવાય રાજસ્થાનમાં હિન્દુત્વના પોસ્ટર બોય બનેલા બાબા બાલકનાથનું નામ પણ ચર્ચામાં હતું. ગજેન્દ્ર શેખાવત, સીપી જોશી, દિયા કુમારી અને રાજવર્ધન રાઠોડ જેવા નામો પણ રેસમાં હતા. આ બધા વચ્ચે ભાજપ હાઈકમાન્ડે ભજનલાલ શર્માની પસંદગી કરીને સૌને ચોકાવી દીધા છે. રાજસ્થાનમાં આજે ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી. કેન્દ્રએ રાજનાથ સિંહ, વિનોદ તાવડે અને સરોજ પાંડેને રાજસ્થાનના નિરીક્ષક બનાવ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સંસદ સત્ર દરમિયાન દર શુક્રવારે નમાઝ માટે મળતો બ્રેક હવે રાજ્યસભામાં નહિ મળે

। નવીદિલ્હી, તા.૧૨ ।

રાજ્યસભામાંથી એક મોટાં સમાચાર સામે આવ્યા છે. સંસદ સત્ર દરમિયાન દર શુક્રવારે નમાઝ માટે મળતો અડધો કલાકનો બ્રેક રાજ્યસભામાં ખતમ કરવામાં આવ્યો છે. આ બદલાવ રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કર્યો છે. સાથે જ તેને લગતા નિયમોમાં પણ ફેરફાર કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં,રાજ્યસભામાં લંચ બ્રેક દર શુક્રવારે બપોરે ૧:૦૦ થી ૨:૩૦ વાગ્યા સુધી હોય છે, જ્યારે લોકસભામાં લંચ બ્રેક બપોરે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી હોય છે. રાજ્યસભામાં આ વધારાનો અડધો કલાક નમાઝ માટે આપવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રની રાયગઢ પોલીસે દવા કંપનીઓમાંથી રૂ. ૩૨૫ કરોડનું ડ્રગ જપ્ત કર્યું

। રાયગઢ, તા.૧૨ ।

મહારાષ્ટ્રની રાયગઢ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે દવા કંપનીઓમાંથી રૂ. ૩૨૫ કરોડનું ડ્રગ જપ્ત કર્યું છે. આ જાણકારી રાયગઢ પોલીસે આપી છે. થોડા દિવસો પહેલા રાયગઢ જિલ્લાના ખોપોલીમાં આંચલ કેમિકલ નામની ફાર્માસ્યુટિકલ કંપનીમાં દરોડા પાડવામાં આવ્યાં હતા. આ દરોડામાં પોલીસે રૂ. ૧૦૭ કરોડનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતુ અને ત્રણ ડ્રગ્સ સ્મગલરની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું કે, તેમને માહિતી મળી હતી કે ખોપોલીના ઠેકુ ગામમાં આવેલી 'આંચલ કેમિકલ'માં પણ એમડી ડ્રગ્સનું ઉત્પાદન કરાય છે.

### અંડર-૧૯ એશિયા કપમાં ભારતની જીત, નેપાળને ૧૦ વિકેટે હરાવ્યું

। નવીદિલ્હી, તા.૧૨ ।

પ્રથમ મેચ વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ આજે ટીમ ઈન્ડિયા સાઉથ આફ્રિકા સામે બીજી T20 ઈન્ટરનેશનલ મેચ રમશે. આ મેચ આજે ગકેબરહાના સેન્ટ જ્યોર્જ પાર્કમાં રમાશે. સૂર્યકુમાર યાદવ આ પ્રવાસમાં પ્રથમ વખત ટીમની કમાન સંભાળતો જોવા મળશે. અંડર-૧૯ એશિયા કપની આજની પ્રથમ મેચમાં ભારતે નેપાળને ૧૦ વિકેટે હરાવ્યું છે.આ જીત સાથે જ ભારતીય ટીમ ગ્રુપ એમાં ટોચ પર પહોંચી ગઈ છે. આ જીત સાથે ભારતની સેમીફાઈનલમાં પહોંચવું લગભગ નક્કી છે.

ફ્રાન્સમાં કેટલાક સંગઠનો દ્વારા મુસ્લિમો સામેની કાર્યવાહી

## ફ્રાન્સ સરકારે સૌથી મોટી મુસ્લિમ શાળાને નાણાંકીય સહાય બંધ કરી

### ફ્રાંસના ઉત્તરમાં આવેલા લિલે શહેરમાં સૌથી મોટી મુસ્લિમ સ્કૂલ એવરોઝ સ્કૂલ ૨૦૦૩થી ચાલે છે, જેમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે

। પેરિસ, તા.૧૨ ।

ફ્રાંસની સૌથી મોટી મુસ્લિમ સ્કૂલને નાણાકીય મદદ બંધ કરવાનો નિર્ણય ફ્રાંસની સરકારે લીધો છે. જેને કેટલાક સંગઠનો દ્વારા મુસ્લિમો સામેની કાર્યવાહી તરીકે જોવામાં આવી રહ્યો છે.

ફ્રાંસના ઉત્તરમાં આવેલા લિલે શહેરમાં સૌથી મોટી મુસ્લિમ સ્કૂલ એવરોઝ સ્કૂલ ૨૦૦૩થી ચાલે છે. જેમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સ્કૂલ સાથે ફ્રાંસની સરકારનુ ૨૦૦૮થી જોડાણ છે. સ્કૂલમાં ફ્રાંસની સરકારે નક્કી કરેલો અભ્યાસક્રમની સાથે સાથે ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે.

જોકે ફ્રાંસની સરકારનુ કહેવુછે કે, સ્કૂલ વહિવટી સમસ્યાઓ સામે ઝઝૂમી રહી છે. સ્કૂલમાં ફ્રાંસના જે મૂલ્યો છે તે પ્રમાણે વિદ્યાર્થીઓ




ભણાવવામાં આવી રહ્યા નથી અને તેના કારણે સરકારે તેની સાથેનુ જોડાણ રદ કરવાનુ નક્કી કર્યુ છે. જોકે આ મુદ્દે વધારે જાણકારી આપવાનો ફ્રાંસના આંતરિક મંત્રાલયે ઈનકાર કર્યો છે. જ્યારે સ્કૂલનુ કહેવુ છે કે, જોડાણ રદ કરવા અંગે અમારી પાસે કોઈ સત્તાવાર જાણકારી આવી નથી. જો સરકારે આવો નિર્ણય લીધો હશે તો તેને અમે કોર્ટમાં પડકારીશું.

### કોંગોમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે ૧૪ લોકોના મોત

। કોંગોમ, તા.૧૨ ।

આફ્રિકન ખંડનો બીજો સૌથી મોટો દેશ કોંગો પૂર અને ભૂસ્ખલનની ઝપેટમાં છે. આ દિવસોમાં બુકાવુ શહેરમાં પૂર અને ભૂસ્ખલન તબાહી મચાવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, કોંગોના બુકાવુ શહેરમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન અને મકાનો ધરાશાયી થવાને કારણે ૧૪ લોકોના મોત થયા છે. અગાઉ સપ્ટેમ્બરમાં, મુશળધાર વરસાદને કારણે ઉત્તર-પશ્ચિમ કોંગોમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન ફોર્સિસ વાઈવ્ઝના પ્રમુખ મેથ્યુ મોલના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના ઉત્તર પશ્ચિમ મોંગલા પ્રાંતના લિસ્લે શહેરમાં કોંગો નદીના કિનારે થઈ હતી.

કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયને ભારતની સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો

## કલમ ૩૭૦ને હટાવવા પર સુપ્રીમની મહોરથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું

### પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી હિના રબ્બાની ખારે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, અનેક દેશો હવે ભારતના દુષ્ટવ્યવહારનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છે

। ઈસ્લામાબાદ, તા.૧૨ ।

ભારતની સુપ્રીમ કોર્ટે ગઈ કાલે આર્ટિકલ ૩૭૦ને હટાવવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. આ નિર્ણય બાદથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. હવે આ મામલે પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી હિના રબ્બાની ખારે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, અનેક દેશો હવે ભારતના 'દુષ્ટ' વ્યવહારનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, ભારતે પોતાની સર્વોચ્ચ અદાલતના નિર્ણયનો સ્થાનિક અદાલત તરીકે ઉપયોગ કરીને શરમજનક કામ કર્યું છે. પાકિસ્તાનના પૂર્વ વિદેશ મંત્રી હિના રબ્બાની ખારે એક્સપર લખ્યું કે ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પ્રસ્તાવો અને કાશ્મીર પર પોતાના આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને ખતમ કરીને ખોટા નિર્ણયો લઈ રહ્યું છે. તે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના



પ્રસ્તાવોને સ્પષ્ટપણે નજરઅંદાજ કરવાનું કામ કરી રહ્યું છે. હિના રબ્બાનીએ કહ્યું કે, હું યાદ અપાવવા માંગુ છું કે, ભારત જમ્મુ કાશ્મીરના નિર્ણયને સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં લઈ ગયુ હતુ. તેના પર તેણે જ્ઞાન આપવાનો પણ પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યું કે, કોઈ પણ ઘરેલુ કાર્યવાહી જે સમગ્ર રાજ્ય અથવા તેના કોઈ હિસ્સાના ભવિષ્ય માટે કરવામાં આવી હોય તે માન્ય નથી હોતી.

પાકિસ્તાનને આતંકવાદનો ડંખ મારી રહ્યો છે

## ખૈબર પ્રાંતમાં આતંકીના પોલીસ અને સૈન્ય ઠેકાણા પર હુમલામાં ૨૪નાં મોત

। કરાંચી, તા.૧૨ ।

દૂધ પાઈને ઉછેરેલો આતંકવાદ નામનો સાપ હવે પાકિસ્તાનને જ ડંખ મારી રહ્યો છે. પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખા પ્રાંતમાં આતંકવાદીઓએ પોલીસ મથક અને સૈન્ય ઠેકાણે આત્મઘાતી હુમલો કર્યો હતો. જેમાં અત્યાર સુધીમાં કુલ ૨૪ જેટલાં પોલીસકર્મી અને સુરક્ષાકર્મીઓ મૃત્યુ પામી ચૂક્યા છે. અગાઉ એવા અહેવાલ હતા કે આ આતંકી હુમલામાં ૩ સુરક્ષા જવાનોના મોત થયા છે. આ હુમલાની જવાબદારી તહરિક એ જિહાદ પાકિસ્તાન નામના આતંકી સંગઠને લીધી છે.

ગત નવેમ્બર મહિનામાં પણ પાકિસ્તાનના મિંયાવાલી એરબેઝ પર આત્મઘાતી હુમલો થયો હતો અને નવ આતંકીઓ પાકિસ્તાની એરફોર્સના આ બેઝની સુરક્ષા વ્યવસ્થાને તોડીને અંદર ઘુસી ગયા હતા. બંને તરફથી ભારે ફાયરિંગ થયુ હતુ અને આખરે નવ આતંકીઓને ઢાળી દેવાયા હતા. આ હુમલાની જવાબદારી તહેરીક એ જિહાદ પાકિસ્તાન સંગઠને જ લીધી હતી.

રેડ સીમાં પણ સ્ફોટક સ્થિતિ સર્જાઈ

## લાલ સાગરમાં યમન નજીક દરિયામાં એક ઈઝરાયેલી જહાજ પર હુમલો

### ઈઝરાયેલ વિરુધ્ધ પડેલા હૂથી બળવાખોરો દ્વારા યમનમાં પોતાના પ્રભુત્વવાળા વિસ્તારમાંથી આ જહાજને નિશાન બનાવાયું

। તેલ અવીવ, તા.૧૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુધ્ધે રેડ સી એટલે કે લાલ સાગરમાં પણ સ્ફોટક સ્થિતિ સર્જી છે. લાલ સાગરમાં યમન નજીક દરિયામાં એક ઈઝરાયેલી જહાજ પર હુમલો થયો છે. ઈઝરાયેલ વિરુધ્ધ પડેલા હૂથી બળવાખોરો દ્વારા યમનમાં પોતાના પ્રભુત્વવાળા વિસ્તારમાંથી આ જહાજને નિશાન બનાવીને એક ક્રુઝ મિસાઈલ લોન્ચ કરવામાં



આવી હતી અને તેના કારણે આ માલવાહક જહાજ પર આગ લાગી હતી. જોકે તેમાં કોઈની જાનહાનિના સમાચાર મળ્યા નથી. અમેરિકન સંરક્ષણ અધિકારીઓના કહેવા પ્રમાણે આ હુમલો થયો ત્યારે અમેરિકન નૌસેનાનુ યુધ્ધ જહાજ યુએસએસ મેસન રેડ સીમાં હાજર હતુ અને તેણે બચાવ કામગીરીમાં મદદ કરી હતી. ઉલ્લેખનીય છે કે, સાત ઓક્ટોબરથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરુ થયેલા જંગમાં ઈરાન સમર્થિત હૂથી બળવાખોરો ઈઝરાયેલને કોઈને કોઈ રીતે ટાર્ગેટ કરી રહ્યા છે. હૂથીએ તો કહ્યુ છે કે, કોઈ પણ દેશનુ જહાજ ઈઝરાયેલ તરફ જતૂ હશે તો અમે તેમને ટાર્ગેટ બનાવીશું.

ચૂંટણી કાર્યક્રમ દરમિયાન ન્યૂ હેમ્પશાયરના એક વ્યક્તિના કરતૂત

## યુએસના રાષ્ટ્રપતિપદના ભારતીય મૂળના ઉમેદવાર રામાસ્વામીને હત્યાની ધમકી

। વોશિંગ્ટન, તા.૧૨ ।

ભારતીય મૂળના અમેરિકન બિઝનેસમેન અને આગામી વર્ષે ૨૦૨૪માં અમેરિકામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર વિવેક રામાસ્વામીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે સોમવારે આયોજિત ચૂંટણી કાર્યક્રમ દરમિયાન ન્યૂ હેમ્પશાયરના એક વ્યક્તિએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપતો મેસેજ મોકલ્યો હતો. આ મામલે ૩૦ વર્ષીય ટાયલર એન્ડરસનની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીના વકીલે આ મામલે કંઈપણ કહેવાનો ઈંકાર કર્યો હતો. એફબીઆઈ એજન્ટે કોર્ટને જણાવ્યું હતું કે ચૂંટણી પ્રચારના કર્મચારીઓને બે ધમકીભર્યા સંદેશા મળ્યા હતા. એકમાં રામાસ્વામીને માથામાં ગોળી મારી દેવાની ધમકી આપવામાં આવી હતી અને બીજામાં કાર્યક્રમમાં હાજર રહેલા દરેકને મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. એફબીઆઈએ કહ્યું કે સેલફોન નંબર આરોપી વ્યક્તિ (ટાયલર એન્ડરસન)નો છે. એફબીઆઈ એજન્ટોએ શનિવારે તે વ્યક્તિના ઘરની તપાસ કરી હતી.



## ન્યુઝ બોક્ષ

### ઉંઝા નજીક દરોડા પાડીને નકલી જીરુ બનાવતી ફેક્ટરીને ઝડપી લેવામાં આવી

। મહેસાણા, તા.૧૨ ।

મહેસાણાના ઉંઝા નજીક દરોડા પાડીને નકલી જીરુ બનાવતી ફેક્ટરીને ઝડપી લેવામાં આવ્યા છે. ફેક્ટરીના માલિકે આ જીરું નહીં પરંતુ પશુ આહાર હોવાનો દાવો કર્યો છે. આ અંગે તેઓએ કોઈ મંજૂરી લીધી નહીં હોવાનું બતાવ્યુ છે. આ પ્રકારના આહારને તૈયાર કરીને તેઓ વેચાણ કરતા હોવાની કબૂલાત પણ ફેક્ટરી માલીકે મીડિયાને બતાવ્યુ છે.મહેસાણા ફૂડ વિભાગે ઉંઝાના ગંગાપુરા રોડ પર એક નકલી શંકાસ્પદ જીરુનો ૧૨ હજાર કિલોગ્રામ જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. નકલી જીરુંના શંકાસ્પદ જથ્થાને ઝડપી લઈને આ અંગે તપાસની શરુઆત ફૂડ વિભાગે શરુ કરી છે. ફૂડ વિભાગનો દરોડો પડતા શેડમાં ચાલતી ફેક્ટરીના માલિકે મીડિયા સમક્ષ દાવો કર્યો હતો કે, આ જીરુનો જથ્થો નથી.જીરુની જેમ જ દેખાઈ રહેલ જથ્થાને ફૂડ વિભાગે જપ્ત કરીને તેના સેમ્પલ લઈને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ જથ્થો બહાર વેચવામાં આવતો હતો અને કોને વેચવામાં આવતો હતો એ અંગે પણ તપાસ શરુ કરી છે. નકલી જીરુના આ જથ્થાને લઈ માલિકે કહ્યુ હતુ કે, આ જથ્થો પશુઆહાર છે અને તેઓ તેને વેચતા પણ હતા. આમ હવે ફૂડ વિભાગ માટે સવાલ એ છે કે, પશુ આહારનો દાવો પોકળ છે અને જીરુ નકલી બનાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હતા એ અંગે તપાસ કરવામાં આવશે.

### હિંમતનગરથી માદક પદાર્થ સાથે અમદાવાદના ૨ યુવકો ઝડપાયા

। સાબરકાંઠા, તા.૧૨ ।

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીકથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. ઈડર તરફથી અમદાવાદ તરફ જઈ રહેલ એક કારને રોકીને તલાશી લેતા કારમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. અમદાવાદના બે શખ્શોને માદક પદાર્થ સાથે ઝડપી લઈને એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધીને તપાસ શરુ કરમવામાં આવી છે. એસઓજીની ટીમને બાતમી મળી હતી કે, અમદાવાદ તરફ બે શખ્શો કારમાં માદક પદાર્થ લઈને નિકળ્યા છે. જેને લઈ ઈડર સ્ટેટ હાઈવે પર પેટ્રોલિંગ દરમિયાન હિંમતનગર એસઓજીની ટીમે સતર્કતા દાખવી હતી. હિંમતનગર બાયપાસ રોડ વિરપુર ત્રણ રસ્તા પાસે બાતમીનુસારની કારને રોકીને તલાશી લેતા તેમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. કારમાં સવાર અમદાવાદના બે શખ્શોને પોલીસે ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જઈ રહ્યા હતા એ અંગેની તપાસ શરુ કરી છે. ૧૭ કિલો ૨૦૦ ગ્રામ જેટલા ગાંજાના જથ્થાને જપ્ત કરીને હિંમતનગરના ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. એસઓજી પીઆઈ એનએન રબારી અને પીએસઆઈ કેબી ખાંટે જયરાજસિંહ અને નિકુંજકુમારની બાતમી આધારે બંને શખ્શોને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

### ચાલક કાર મૂકી ફરાર થઈ ગયો

# અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર કાર સાથે બાઈકનો સર્જ્યો અકસ્માત

। વસલાડ, તા.૧૨ ।

વલસાડ નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર એક લગ્ઝ્યૂઅરિઅસ રેન્જ રોવર ગાડીએ એક બાઈકને અડફેટે લીધું હતું. આ ઘટનામાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ રેન્જ રોવરનો ચાલક કાર મૂકીને ઘટનાસ્થળેથી ફારર થઈ ગયો હતો. વલસાડ રૂરલ પોલીસે આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. બનાવની વિગત મુજબ, અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે વલસાડના સરોધી નજીક જુજવા ગામના સાવન રાઠોડ નામનો એક યુવક બાઈક પર પસાર થઈ રહ્યો હતો. તે વખતે જ પાછળથી પૂરઝડપે આવી રહેલી એક રેન્જ રોવર કારએ બાઈકને ટક્કર મારી હતી. પાછળથી બાઈકને ટક્કર વાગતા જ બાઈક ચાલક હવામાં ફંગોળાયો હતો. ત્યારબાદ બાઈક ચાલક હાઈવેની સાઈડમાં પટકાયો હતો. જેમાં ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ રેન્જ રોવર કાર ચાલક અકસ્માતની ઘટનાથી આગળ જઈ હાઈવેની સાઈડમાં જ કાર મૂકી અને ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોના કહેવા મુજબ, રેન્જ રોવર કારમાં કારચાલકની સાથે તેનો પરિવાર પણ હતો. પરંતુ અકસ્માત બાદ કાર મૂકી અને પરિવાર સાથે ફરાર




થઈ ગયા હતા. આથી લોકોએ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતા જ ૧૦૮ અને પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. વલસાડ રૂરલ પોલીસે આ મામલે હવે કાર ચાલકને શોધવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વપૂર્ણ છે કે, આ અગાઉ પણ રાજ્યમાં અનેક જગ્યાએ પૂરઝડપે દોડતી મોંઘીદાટ લગ્ઝ્યૂઅરિઅસ કારોએ અનેક વખત રાહદારીઓ અને નાના વાહન ચાલકોને અડફેટે લીધાના બનાવો બની ચૂક્યા છે. આ આવા અકસ્માતોમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે ફરી એક વખત વલસાડ નજીક નેશનલ હાઈવે પર લગ્ઝ્યૂઅરિઅસ રેન્જ રોવર કારએ બાઈક સવારને અડફેટે લેતાં તેનું મોત નિપજ્યું છે. આથી તલસાડની આ ઘટના પણ અત્યારે ચર્ચાનું કેન્દ્ર બની છે. ત્યારે અકસ્માત સર્જ્યા બાદ ઘટના સ્થળેથી પરિવાર સાથે ફરાર થઈ ગયેલા કારચાલકને શોધી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કાયદાનો પાઠ ભણાવવામાં આવે તે જરૂરી છે.

### કડીમાં એક્ટિવા ધીમુ હંકારવાનું કહેતા બબાલ

## એક્ટિવા ચાલકે વૃદ્ધને લાકડીઓથી ફટકાર્યો, પોલીસ ફરિયાદ દાખલ

। મહેસાણા, તા.૧૨ ।

મહેસાણામાં એક્ટિવા ચાલકે વૃદ્ધને માર માર્યાની ઘટના સામે આવી છે, જિલ્લાના કડી તાલુકામાં આ ઘટના ઘટી છે, રાહદારી વૃદ્ધે એક્ટિવા ચાલકને ધીમું હંકારવાનું કહેતા મામલો બિચક્યો હતો અને બાદમાં મારામારી પર પહોંચ્યો હતો.

આ મામલે અત્યારે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, મહેસાણા જિલ્લાના કડીના નદાસણ ગામે ગઈકાલે મારામારીની એક વિચિત્ર ઘટના ઘટી હતી, ગામમાં એક યુવાન એક્ટિવ લઈને જઈ રહ્યો હતો, તે પુરપાટ ઝડપી એક્ટિવા હંકારી રહ્યો હતો, આ દરમિયાન રાહદારી વૃદ્ધે તેને એક્ટિવા ધીમુ હંકારવાનું કહેતા બબાલ થઈ હતી. બબાલ વધી જતાં એક્ટિવા ચાલકે વૃદ્ધ પર હુમલો કર્યો હતો, વૃદ્ધને લાકડીઓ વડે માર માર્યો હતો. હાલ આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી શરૂ કરી છે. મહેસાણા જિલ્લાના આરોગ્ય વિભાગમાં વધુ એક કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કૌભાંડ નકલી ડિગ્રીના આધારે નોકરી મેળવવાનું છે. મહેસાણા જિલ્લામાં ૧૧ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરે નકલી ડિગ્રીના આધારે નોકરી મેળવી હતી. એટલું જ નહીં છેલ્લા ૧૦ વર્ષથી ફરજ પણ બજાવતા હતા. આ હેલ્થ વર્કરની ડિગ્રી રાજ્ય બહારની યુનિવર્સિટીની હતી. જેને લઈ રાજ્ય વિકાસ કમિશ્નર કચેરીએ ડિગ્રીની તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન ખુલ્યું કે, ૧૧ હેલ્થ વર્કરની ડિગ્રી બોગસ છે. નકલી ડિગ્રીના સહારે નોકરી મેળવનાર ૧૧ હેલ્થ વર્કર હાલ ખેરાલુ, વીજાપુર, વડનગર, ઊંઝા, બહુચરાજી, કડી અને સતલાસણા તાલુકાના આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવે છે. હાલ આ ૧૧ હેલ્થ વર્કરને જિલ્લા આરોગ્ય અધિકારીએ નોટિસ ફટકારી ખુલાસો માગ્યો છે.

### ફરી એક વખત વ્યાજખોરોનો આતંક સામે આવ્યો

## વ્યાજખોરોએ અમદાવાદના દંપતિની કીડની વેચી દેવાની ધમકી આપી

### વ્યાજખોરોના ત્રાસથી આ દંપતીએ મકાન, જમીન અને સોનું વેચીને વ્યાજ ભર્યું હતું

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં વ્યાજખોરનો આતંક સામે આવ્યો છે. જેમાં સ્પાંના સંચાલક રાજુ કોટીયા નામના વ્યક્તિ એ ચાર વ્યાજખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આક્ષેપ કર્યા છે કે વ્યાજખોરો વ્યાજની પઠાણી ઉઘરાણી કરી કીડીની વેચી નાખવાની અને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપે છે. બનાવ ની વાત કરવામાં આવે તો રાજુ ભાઈ કોટિયા પામ્સ વેલનેસ હબ નામની સ્પા મસાજ દુકાન ચલાવે છે. સ્પા નાં વ્યવસાય માટે પૈસા જરૂર હોવાથી તેમણે વર્ષ ૨૦૧૯ મા વનરાજસિંહ ચાવડા, મનોજ ખંત્રી, હાર્દિક ત્રિપાઠી અને કમલેશ પટેલ પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા.

જેમાં વ્યાજખોરો ઉંચા વ્યાજની ઉઘરાણી કરી પેનલટી ના નામે પૈસા માગણી કરતાં હતાં એટલું જ નહિ વ્યાજખોર વનરાજસિંહ ચાવડાએ આ દંપતીની કાર પણ પડાવી લીધી



હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વ્યાજખોર વનરાજસિંહ ચાવડા પાસેથી ફરિયાદીએ રૂપિયા ૫૫ લાખ વ્યાજે લીધા હતા. જ્યારે મનોજ ખત્રી પાસેથી ૪૫ લાખ રૂપિયા લીધા હતા. ત્યારે હાર્દિક ત્રિપાઠી અને કમલેશ પટેલ રૂપિયા ૬૫ લાખની ઉઘરાણી માટે આવતા હતા જે પૈસા વિષ્ણુ વ્યાસના હતા. જોકે ચારેય વ્યાજખોરો નાં ત્રાસથી ફરિયાદી એ પોતાની જમીન, મકાન સોનું સહિત કીમત ચિઝ વસ્તુ ઓ વેચી તમામ પૈસા વ્યાજ સહિત ચૂકી દીધા હતા. છતાં પણ છેલ્લા ૩ મહિનાથી વ્યાજખોરો ત્રાસ આપતા હતા. જેથી ફરિયાદી રાજુ કોટીયા એ વ્યાજખોરો વિરુદ્ધ સેટેલાઈટ પોલીસમાં ફરિયાદ નોધાવી છે. વ્યાજખોર વનરાજસિંહ ચાવડા નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર હોવાનો ફરિયાદીનો આક્ષેપ છે.

## યુવક બે નંબરમાં અમેરિકા પહોંચીને ટેન્શનમાં આવી ગયો

। અમદાવાદ, તા.૧૨ ।

ઈલીગલી અમેરિકા જતાં મોટાભાગના ગુજરાતીઓ વાયા તુર્કી થઈને સીધા મેક્સિકો કે પછી તેની આજુબાજુના દેશમાં પહોંચતા હોય છે. આ સિવાય એજન્ટો ઘણા લોકોને કેનેડા બોર્ડર પરથી પણ અમેરિકામાં ઘૂસાડતા હોય છે. આ સિવાય ત્રીજો એક રૂટ વાયા વિયેતનામ થઈને પણ અમેરિકા જવાનો છે, જેના દ્વારા અમદાવાદનો મયૂર નામનો યુવક હાલમાં જ અમેરિકા પહોંચ્યો છે જેણે પોતાના આ ૨૩ દિવસની મુસાફરીનો અનુભવ શેર કર્યો છે. ૨૩ વર્ષના મયૂરે અમદાવાદના જ એક એજન્ટને અમેરિકા જવાનું કામ સોંપ્યું હતું, આમ તો એજન્ટો પોતાનું પેસેન્જર અમેરિકા પહોંચી જાય ત્યારપછી જ તેની પાસેથી પૈસા લેતા હોય છે, પરંતુ અમદાવાદના એક પોશ એરિયામાં ઓફિસ ચલાવતા આ એજન્ટે મયૂર પાસેથી પહેલા દસ લાખ રૂપિયા એડવાન્સમાં લીધા હતા. એજન્ટ સાથે મયૂરની ડીલ ૭૫ લાખ રૂપિયામાં થઈ હતી, જેમાંથી અડધી રકમ તેને અમેરિકામાં જોબ શરૂ કરીને હપ્તે-હપ્તે ચૂકવવાની હતી અને આ નોકરી પણ તેને એજન્ટ જ શોધી આપવાનો હતો. ફેબ્રુઆરી ૨૦૨૩માં એજન્ટને દસ લાખ રૂપિયા એડવાન્સ આપ્યા બાદ




મયૂરને અમેરિકા મોકલવા માટે એજન્ટે એકવાર તેને દિલ્હી અને એકવાર મુંબઈ મોકલ્યો હતો, આ બંને જગ્યાએ મયૂર એક-એક મહિના સુધી રોકાયો હતો પરંતુ તેનો અમેરિકા જવાનો મેળ નહોતો પડ્યો. આખરે એજન્ટ સાથે ઘણી રકઝક થયા બાદ મયૂરને નવેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં અમદાવાદથી મુંબઈ અને ત્યાંથી બે દિવસ બાદ વિયેતનામ મોકલવામાં આવ્યો હતો. વિયેતનામના એરપોર્ટ પર મયૂરને પોતાના જેવા જ અમેરિકા જવા નીકળેલા કેટલાક ગુજરાતીઓ અને પંજાબીઓ મળ્યા હતા, પરંતુ તેમના એજન્ટ અલગ-અલગ હતા, ત્યાં મયૂરને એક હોટેલમાં રોકાવાની સગવડ અપાઈ હતી, પરંતુ વિયેતનામ આવ્યા બાદ મયૂરને આગળ ક્યાં અને ક્યારે જવાનું છે તેની કશીય માહિતી નહોતી. વિયેતનામમાં જમવાની તકલીફ પડતી હતી, પરંતુ એજન્ટનો માણસ મયૂરને હોટેલમાં રોજ વેજિટેરિયન ફુડ આપી જતો હતો.

### દોરીથી થતી દુર્ઘટનાઓની શરુઆત થઇ ગઇ

## બોરસદ ચોકડી બ્રિજ પર દોરી વડે યુવકનું ગળું કપાયુ

। આણંદ, તા.૧૨ ।

આણંદમાં ઉત્તરાયણના પર્વ પહેલા જ દોરીથી થતી દુર્ઘટનાઓની શરુઆત થઇ ગઇ છે. દોરીના કારણે યુવકનું ગળું કપાતા લોહીથી તરબતર થઇ ગયો હતો અને બાઇક પણ સ્લીપ થઇ ગઇ હતી. યુવકને ગંભીર ઇજા પહોંચી હતી. સાથે બાઇકને પણ નુકસાન થયું હતુ.ઉત્તરાયણનો પર્વ હજી આવ્યો નથી, જો કે પતંગની દોરીના કારણે દુર્ઘટના બનવાની શરૂ થઇ ગઇ છે. આણંદના બોરસદ ચોકડી બ્રિજ પર એક યુવકના ગળામાં દોરી ફસાઇ ગઇ હતી. આ યુવક બ્રિજ પર બાઇક લઇને પસાર થઇ રહ્યો હતો, તે દરમિયાન અચાનત ૫ તંગની દોરી આવીને ગળામાં ફસાઇ ગઇ હતી. ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આણંદમાં ઉત્તરાયણના પર્વ પહેલા જ દોરીથી થતી દુર્ઘટનાઓની શરુઆત થઇ ગઇ છે. દોરીના કારણે યુવકનું ગળું કપાતા લોહીથી તરબતર થઇ ગયો હતો અને બાઇક પણ સ્લીપ થઇ ગઇ હતી. યુવકને ગંભીર ઇજા પહોંચી હતી.



સાથે બાઇકને પણ નુકસાન થયું હતુ. તો દુર્ઘટના બાદ સ્થળ પર સ્થાનિકોના ટોળા એકત્ર થઇ ગયા હતા અને એમ્બ્યુલન્સ મારફતે યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. આ યુવક મોગરનો રહેવાસી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. ઉત્તરાયણ પર્વ સમયે ૧૦૮ દ્વારા સાંજે ૬ વાગે જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ૨૦૨૩માં ૨૯૧૬ ઈમરજન્સી કોલ મળ્યા હતા. જ્યારે ૨૦૨૨માં ૨૬૩૮ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. ૨૦૨૨ની સરખામણીએ ૨૦૨૩માં ૨૭૮ કેસ વધુ નોંધાયા હતા. ઉત્તરાયણના પર્વને લઇને રાજ્યમાં ઈમરજન્સી સેવા માટે ૧૦૮ સતત કાર્યરત રાખવામાં આવે છે. ત્યારે ૧૦૮ દ્વારા ઈમરજન્સી કોલના આંકડા જાહેર કરવામાં આવે છે.

## વિશેષ

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓને રૂ. બે લાખ અને રૂ. ૫૦ હજારનો ચેક આપી સન્માનિત કર્યા

# વલસાડની સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે થયું સન્માન

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં ગાંધીનગરમાં હેલિપેડ એક્ઝિબીશન સેન્ટર ખાતે "સ્ટાર્ટઅપ કોન્ક્લેવ ૨૦૨૩" કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ ક્ષેત્રના ખાનગી તેમજ સરકારી ક્ષેત્રેના એકમો અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પ્રદર્શન સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા હતા. જે સ્ટોલ દ્વારા જે તે એકમોની અને સંસ્થાઓના ઉત્કૃષ્ટ ઉત્પાદનોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

ઈનોવેટીવ સ્ટાર્ટઅપ્સ અને પ્રોડક્ટસ માટેના આ પ્રદર્શનમાં સરકારી ઈજનેરી કોલેજ વલસાડનો પણ સ્ટોલ રાખવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલા પ્રોજેક્ટસમાંથી વિકસાવેલી છ જેટલા ઈનોવેટિવ ઉત્પાદનોને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. જેમાં બે પ્રોજેક્ટ્સ ન્યુ ઈંડિયા વાઈબ્રન્ટ હેકાથોન-૨૦૨૩માં રાજ્ય કક્ષાએ અનુક્રમે પ્રથમ અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલી કૃતિઓ ડિજિટલ પ્લેટફોર્મ ફોર ઈરિગેશન મેનેજમેન્ટ અને લોડ બેલેસિંગ ફોર ઓપ્ટિમલ પાવર ડિસ્ટ્રિબ્યુશન પર આધારિત છે.

ટીમ લીડર્સ મન જોશી તેમજ તેમની ટીમના ઈલેક્ટ્રીકલ, સિવિલ અને એન્વાયરમેન્ટલ ઈજનેરીના વિદ્યાર્થીઓ તથા તેમના મેન્ટર ડો. કે એલ મોકરીયા તેમજ ઈન્ડસ્ટ્રી મેન્ટર હીતેશ ભીંગરડીયાને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ. ૨,૦૦,૦૦૦/- નો ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તે જ રીતે






કુંદન ચૌહાણ તેમજ ટીમના અન્ય તમામ વિદ્યાર્થીઓને રૂ.૫૦,૦૦૦/-ના ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈલેક્ટ્રીકલ વિભાગના વિદ્યાર્થી ગણેશ પાટીલની ટીમ દ્વારા ડો. કે. એલ. મોકરીયાના માર્ગદર્શનમાં તૈયાર કરેલો અને દેવાંગ મહેતા એવોર્ડ નોમીનેટેડ સ્માર્ટ સ્ટ્રીટ લાઈટનો પણ આ કોન્ક્લેવ પ્રદર્શનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. અન્ય કૃતિઓમાં કેમીકલ વિભાગના ડો. સંજય શ્રીવાસ્તવ દ્વારા માર્ગદર્શિત સ્મીત ગોસાઈની ટીમે બનાવેલુ અને સ્માર્ટ ઈન્ડીયા હેકથોન-૨૦૨૨માં પ્રથમ ક્રમે આવનાર ઑક્સિજન જનરેટર : ગ્રીન એનર્જી સોલ્યુશન, સ્નેહલ પટેલ દ્વારા ડો. બી. આર. સુદાણીના માર્ગદર્શનમાં નિર્મિત અને ઉન્નતી મહોત્સવમાં પસંદગી પામેલા સોલર ડ્રાયરનો સમાવેશ થાય છે. કેમીકલ વિભાગમાંથી જ કલીવરપુ પવનની ટીમ દ્વારા નિર્મિત અને હેકાથોન વિનર પ્લાસ્ટીક વેસ્ટમાંથી બનાવેલી મલ્ટી પર્પઝ ગેમ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. વલસાડની સરકારી ઈજનેરી કોલેજને આપવામાં આવેલા સ્ટોલ પર ભારતના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્ય મંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખર તેમજ અન્ય તજજ્ઞો-અધિકારીઓએ મુલાકાત કરી હતી. તેઓને સ્ટોલ પરની કૃતિઓ/ઉત્પાદનો વિષે માહિતી આપવામાં આવી હતી. સ્ટોલ પર દેશભરમાંથી આવતા અનેક ઈન્વેસ્ટર્સે પણ મુલાકાતો કરી હતી અને તેઓનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. ભવિષ્યમાં તેમાંથી સ્ટાર્ટઅપ્સ શરૂ કરી શકાય તે માટે ઈન્વેસ્ટર્સ અને સંસ્થા વચ્ચે સંપર્કોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું.

આમ, સંસ્થાના આચાર્ય ડો. વી. એસ. પુરાણીના માર્ગદર્શનમાં કાર્યરત અધ્યાપકો સંસ્થાના વિદ્યાર્થીઓની ઈનોવેટીવ ટેકનીકલ સ્કીલ તેમજ ઉદ્યોગ-સાહસિકતા વધારી તેઓને આત્મનિર્ભર બનાવી દેશના વિકાસમાં પોતાનો ફાળો આપી રહ્યા છે.

ન્યૂઝ બ્રિફ

## ભાજપે કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો દ્વારા ભ્રષ્ટાચાર ફેલાવવાનો આરોપ લગાવ્યો



। નવી દિલ્હી, તા.૧૨ ।

ભાજપે મંગળવારે કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટીઓ પર ભ્રષ્ટાચાર ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને તેના સહયોગીઓએ એટલો ભ્રષ્ટાચાર ફેલાવ્યો છે કે માત્ર સરકાર જ નહીં પરંતુ લોકોએ પણ આ માટે આંદોલન શરૂ કરવું પડ્યું છે. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રી અને ભાજપ નેતા કિરેન રિજિજુએ કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટીઓના નેતાઓ પર લાગેલા અનેક ભ્રષ્ટાચારના કેસનું લિસ્ટ જાહેર કર્યું છે. તેમાં આરજેડી, ટીએમસીઅને ડીએમકેપણ સામેલ છે. કિરેન રિજિજુએ કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટીઓ પર નિશાન સાધતા કહ્યું કે, કોંગ્રેસ અને તેમની સહયોગી પાર્ટીઓ ભ્રષ્ટાચાર જેવી બીમારીઓ ફેલાવી રહી છે. તેમના વિરુદ્ધ માત્ર સરકાર ને જ નહીં પરંતુ દેશની જનતાને પણ આંદોલન કરવું પડી રહ્યુ છે.

## અફઘાનિસ્તાનમાં ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ નો આંચકો અનુભવાયો



। કાબુલ, તા.૧૨ ।

ગયા મહિને આવેલા ભૂકંપ માંથી અફઘાનિસ્તાન હજુ પણ બહાર આવ્યું નથી ત્યા આજે સવારે ફરી એક વખત ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ)એ આપેલી માહિતી પ્રમાણે અફઘાનિસ્તાનમાં ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોરદાર ભૂકંપના આંચકાના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે મળતી માહિતી અનુસાર હજુ સુધી કોઈ જાનમાલને નુકશાન થયાના અહેવાલ નથી. ઓક્ટોબરની શરૂઆતમાં જ અફઘાનિસ્તાનમાં એક પછી એક આવેલા અનેક ભૂકંપ ના આંચકાને પગલે મોટી જાનહાનિ થઈ હતી અને આશરે ૪ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવી દીધા હતા જ્યારે ૯ હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન લાખોની સંખ્યામાં લોકો બેઘર પણ થઈ ગયા હતા.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નવા નિયમનો ટ્રાયલ

# ઓવર સમાપ્ત થયા બાદ વધુ સમય બરબાદ નહીં કરી શકાય

## આ નિયમ માત્ર વ્હાઈટ બોલ ક્રિકેટમાં જ લાગુ પડશે, ટેસ્ટ ક્રિકેટમાં આ નિયમ લાગુ લગાડવામાં આવશે નહીં

। દુબઈ, તા.૧૨ ।

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આજથી ક્રિકેટના એક નવા નિયમની ટ્રાયલ શરુ થઈ જશે. આ નિયમને સ્ટોપ કલોક નામ આપવામાં આવ્યું છે. આ નિયમ આવવાથી ઓવર સમાપ્ત થયા બાદ ફિલ્ડીંગ કરનાર ટીમ સમય વધુ બરબાદ કરી શકશે નહીં. આ નિયમ માત્ર વ્હાઈટ બોલ ક્રિકેટમાં લાગુ પડશે. ટેસ્ટ ક્રિકેટમાં આ નિયમ લાવવામાં આવ્યો નથી. આજથી ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે



શરુ થનારી ટી૨૦ સિરીઝમાં પ્રથમ વખત આ નિયમને લાગુ કરવામાં આવશે. આગામી ૬ મહિના સુધી આ નિયમ અલગ-અલગ ટી૨૦ આઈસિરીઝમાં અજમાવવામાં આવશે. જો આનાથી રમત પર પ્રતિકૂળ અસર નહીં થાય અને ફાયદો થશે તો તેને ટી૨૦આઈઅને વન-ડેમાં કાયમી કરી દેવામાં આવશે.

આ નિયમ અંતર્ગત બોલિંગ કરનારી ટીમને એક ઓવર સમાપ્ત થયાના ૬૦ સેકેંડની અંદર બીજી ઓવર ફેંકવા માટે તૈયાર રહેવું પડશે. એક ઓવર સમાપ્ત થયા બાદ તરત જ થર્ડ એમ્પાયરની ઘડિયાળ શરુ થઈ જશે. જે સ્ટેડિયમમાં લાગેલી મોટી સ્ક્રીન પર પણ દેખાશે.

### સાઉથ આફ્રિકાની યજમાનીમાં સ્પર્ધા યોજાવાની છે

# અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત ૨૦ જાન્યુઆરીએ બાંગ્લાદેશ સામે રમશે

## અંડર-૧૯ વર્લ્ડ કપ૨૦૨૪ ટુર્નામેન્ટની ઓપનિંગ મેચ ૧૯ જાન્યુઆરીના રોજ બ્લૂમફોન્ટેનમાં વેસ્ટ ઇન્ડિઝ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે

। દુબઈ, તા.૧૨ ।

આઈસીસીએ ગઈકાલે અંડર-૧૯ વર્લ્ડ કપ૨૦૨૪નું શેડ્યુલ જાહેર કર્યું હતું. આ ટુર્નામેન્ટ ૧૯ જાન્યુઆરીથી સાઉથ આફ્રિકાની યજમાનીમાં રમાનાર છે. પહેલા આ ટુર્નામેન્ટનું આયોજન શ્રીલંકામાં થવાનું હતું પરંતુ આઈસીસીએ ત્યાંથી આ ટુર્નામેન્ટને શિફ્ટ કરવાનો નિર્ણય કર્યો હતો. ટુર્નામેન્ટની ઓપનિંગ મેચ ૧૯ જાન્યુઆરીના રોજ બ્લૂમફોન્ટેનમાં વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે.



ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત તેની પ્રથમ મેચ બાંગ્લાદેશ સામે ૨૦ જાન્યુઆરીના રોજ રમશે. ભારતની તમામ મેચનું આયોજન બ્લૂમફોન્ટેનમાં કરવામાં આવ્યું છે. પાંચ વખત ચેમ્પિયન રહી ચુકી ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં બાંગ્લાદેશ, આયરલેન્ડ અને યુએસએ સાથે ગ્રુપ-એમાં છે. ભારતના ગ્રુપમાં પાકિસ્તાન નથી. જેથી ગ્રુપ સ્ટેજમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર જોવા મળશે નહીં. ટુર્નામેન્ટમાં આગળ આ બંને ટીમો વચ્ચે ટક્કર જોવા મળી શકે છે.

આઈસીસીઅંડર-૧૯ વર્લ્ડ કપ૨૦૨૪માં કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. આ તમામ ટીમોને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ગ્રુપ-એમાં ભારત, બાંગ્લાદેશ, આયરલલેન્ડ અને યુએસએ છે.




દિલ્હીમાં વજીરપુર ખાતે વિકસીત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કેલેન્ડર વિતરણની એક ઝલક.

### ગૂગલે ગત ૨૫ વર્ષોમાં સૌથી વધુ શું-શું સર્ચ થયું છે તેનો વીડિયો શેર કર્યો

# વિરાટ કોહલી ગુગલ પર સૌથી વધુ સર્ચ થનારો ક્રિકેટર બન્યો

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ક્રિકેટના મેદાન પર ઘણાં રેકોર્ડ તોડ્યા છે. હવે તે ક્રિકેટના મેદાનની બહાર પણ કેટલાંક એવા રેકોર્ડ બનાવીને દુનિયાને આશ્ચર્યચકિત કરી રહ્યો છે. કોહલી ગત ૨૫ વર્ષોમાં ગૂગલ પર સૌથી વધુ સર્ચ થનાર ક્રિકેટ બની ગયો છે. ગૂગલે ગત ૨૫ વર્ષોમાં સૌથી વધુ શું-શું સર્ચ થયું છે તેનો એક વીડિયો શેર કર્યો છે જેમાં કોહલીનું નામ ક્રિકેટર તરીકે સૌથી વધુ સર્ચ કરવામાં આવ્યું છે.



સચિન તેંડુલકર, બ્રાયન લારા અને અન્ય ક્રિકેટરો કરતાં કોહલીને ગૂગલે સૌથી વધુ સર્ચ કરાયેલા ક્રિકેટર તરીકે દર્શાવ્યો છે. જયારે છેલ્લા ૨૫ વર્ષમાં ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવેલ એથ્લીટ રોનાલ્ડો છે. રોનાલ્ડોએ મેસ્સી, રોજર ફેડરર, રાફેલ નડાલ અને જોકોવિચ જેવા દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડવામાં સફળતા મેળવી છે.

### અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી પાંચના શેરમાં નબળાઈ

# શેરબજાર : સેન્સેક્સમાં ૩૭૭ અને નિફ્ટીમાં ૯૧ પોઈન્ટનું ગાબડું પડ્યું

## શેરબજારના ટોપ ગેનર્સમાં એચડીએફસી લાઈફ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ઓટો અને એસબીઆઈ લાઈફના શેરનો સમાવેશ થાય છે

। મુંબઈ, તા.૧૨ ।

સપ્તાહના બીજા કારોબારી દિવસે મંગળવારે શેરબજાર નીચે બંધ થયું. બીએસઈસેન્સેક્સ લગભગ ૩૭૭ પોઈન્ટ ઘટીને ૬૯૫૫૧ ના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૯૧ પોઈન્ટની નબળાઈ સાથે ૨૦૯૦૬ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. મંગળવારે નિફ્ટી મિડકેપ ૧૦૦,



બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. શેરબજારના ટોપ ગેનર્સમાં એચડીએફસી લાઈફ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ઓટો અને એસબીઆઈ લાઈફના શેરનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લોઝર્સમાં બીપીસીએલ, એપોલો હોસ્પિટલ, સન ફાર્મા અને મારુતિ સુઝુકીના શેરનો સમાવેશ થાય છે.

શેરબજારમાં નબળાઈના સમયગાળા દરમિયાન મંગળવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે નબળાઈ નોંધાઈ હતી.

### ભારતીય રિઝર્વ બેન્કે રાજ્યોને ચેતવણી આપી

# જૂની પેન્શાન સ્કિમના ખોટા વાયદા ન કરવા રાજ્યોને ચેતવણી આપી

## આરબીઆઈના મતે જૂની પેન્શાન યોજનાથી રાજ્ય સરકારનો ખર્ચ અનેક ગણો વધી પણ જશે અને અસહ્ય પણ બની જશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

દેશના અનેક રાજ્યોમાં જૂની પેન્સન યોજના લાગુ કરવાની માંગ ઉગ્ર બની રહી છે અને આ માટે આંદોલનો થઈ રહ્યા છે તેમજ ઘણા વિપક્ષી શાસિત રાજ્યોએ ઓપીએસને ફરીથી શરુ કરવાનો નિર્ણય લીધો છે ત્યારે આરબીઆઈએ રાજ્યોને ચેતવણી આપી છે કે તેઓ જૂની પેન્શન સ્કીમના ખોટા વાયદાઓ ન કરશો.



દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે અને ચૂંટણી પહેલા જ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કેન્દ્ર અને રાજ્યોમાં વેગ પકડી રહી છે. ઘણા વિપક્ષ શાસિત રાજ્યોમાં ઓપીએસને ફરીથી શરુ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ દેશના અનેક રાજ્યોમાં સરકારી કર્મચારીઓએ જૂની પેન્શન યોજના શરુ કરવાની ઉગ્ર માંગ કરી છે અને ઘણા રાજ્યોમાં ઓપીએસને ફરીથી શરુ કરવા માટે આંદોલન થઈ રહ્યા છે ત્યારે સામાન્ય ચૂંટણી પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રાજ્ય સરકારોને ચેતવણી આપી છે.

### કેરળના રાજ્યપાલનો મુખ્યમંત્રી પર આક્ષેપ કર્યા

# રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનનો પિનરાઈ વિજયન પર ઈજા પહોંચાડવાનો ગંભીર આક્ષેપ

। તિરુવનંતપુરમ, તા.૧૨ ।

કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને સોમવારે રાજ્યના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન પર ગંભીર આરોપ લગાવ્યા હતા. રાજ્યપાલે મુખ્ય પ્રધાન પર તેમને શારીરિક ઈજા પહોંચાડવા માટે 'ષડયંત્ર' રચવાનો આરોપ લગાવ્યો હતો.

રાજ્યપાલ તિરુવનંત પુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ જઈ રહ્યા હતા ત્યારે તેમની ગાડીને કોમ્યુનિસ્ટ પાર્ટી પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્કસિસ્ટ (સીપીઆ-એમ)ની વિદ્યાર્થી પાંખ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસએફઆઈ)ના કાર્યકરોએ કથિત રીતે ટક્કર મારી હતી. ત્યાર બાદ રાજ્યપાલે આ આરોપ લગાવ્યો હતો. પોલીસે વિદ્યાર્થી સંગઠન એસએફઆઈના સાત લોકોની ધરપકડ કરી છે. કોંગ્રેસ નેતૃત્વ હેઠળના વિપક્ષી ગઠબંધન યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ અને ભારતીય જનતા પાર્ટીએ પણ રાજ્યપાલ પર કથિત હુમલા પ છળ હોવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્યપાલ આરિફ મોહમ્મદ



ખાને મીડિયાને કહ્યું કે તે મુખ્ય પ્રધાન વિજયનને તેમને શારીરિક ઈજા પહોંચાડવા માટે લોકોને મોકલવાનું 'ષડયંત્ર' કર્યું હતું. રાજ્યમાં બંધારણીય વ્યવસ્થા બગડી રહી છે. શું એ શક્ય છે કે જો મુખ્ય પ્રધાનનો કાર્યક્રમ ચાલી રહ્યો હોય તો ત્યાં પ્રદર્શનકારીઓને લઈ જતી ગાડીઓને ત્યાં જવા દેવામાં આવે? શું તેઓ (પોલીસ) કોઈને પણ મુખ્ય પ્રધાનની કારની નજીક આવવા દેશે? તેમણે દાવો કર્યો કે હું સ્પષ્ટપણે કહું છું કે તે મુખ્ય પ્રધાન જ કાવતરું ઘડી રહ્યા છે. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ તેમની સામે કાળા ઝંડા લહેરાવ્યા એટલું જ નહીં, બંને બાજુથી તેમના વાહન પર હુમલો પણ કર્યો. આરિફ મોહમ્મદ ખાને કહ્યું, "પછી હું મારી કારમાંથી નીચે ઉતર્યો. પોલીસને ખબર હતી કે તેઓ કારમાં બેઠા છે. મુખ્ય પ્રધાનની સૂચના હોય ત્યારે પોલીસ પણ શું કરે?

### પૂર્વ સાંસદ-અભિનેત્રી સામે કાયદાનો ગાલિયો કસાયો

# આચારસંહિતા ભંગ કેસમાં પૂર્વ સાંસદ જયાપ્રદાની ધરપકડનો આદેશ આપ્યો

## એમપી-એમએલએ કોર્ટ દ્વારા તેમના વિરુદ્ધ આચાર સંહિતા મામલે આ બિનજામીન પાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું

। નવી દિલ્હી, તા.૧૨ ।

પૂર્વ સાંસદ અને એક્ટ્રેસ જયા પ્રદા વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યુ છે. એમપી-એમએલએ કોર્ટ દ્વારા તેમના વિરુદ્ધ આચાર સંહિતા મામલે આ વોરંટ જારી કરવામાં આવ્યુ છે. કોર્ટે જયા પ્રદાની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ બાદ રામપુર કોર્ટના વકીલ સંદીપ સક્સેનાનું નિવેદન આવ્યુ છે. તેમણેજણાવ્યું કે, આ કેસ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન દાખલ કરવામાં આવ્યો હતો.

વકીલ સંદીપ સક્સેનાએ કહ્યું કે, જયા પ્રદા વિરુદ્ધ ૨૦૧૯ લોકસભા ચૂંટણી દરમિયાન આચાર સંહિતાના ભંગ મામલે અનેક વખત બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવી ચૂક્યા છે. પરંતુ જયા પ્રદા કોર્ટમાં ન આવ્યા. આજે જયા પ્રદાના એડવોકેટે વોરંટ પાછું ખેંચવા માટે કોર્ટમાં અરજી કરી હતી જે દલીલ બાદ



ફગાવી દેવામાં આવી હતી. તેના બંને જામીનદારોને પણ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં જયા પ્રદા વિરુદ્ધ ૫ વખત બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવી ચૂક્યા છે.

લોકસભા ચૂંટણી ૨૦૧૯ દરમિયાન ભાજપ નેતા જયા પ્રદા વિરુદ્ધ આચારસંહિતા ભંગનો કેસ નોંધવામાં આવ્યો હતો. તેમની વિરુદ્ધ આ કેસ રામપુરના સ્વાર પોલીસ સ્ટેશન અને કેમરી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. આ મામલે કોર્ટ તેમની વિરુદ્ધ ૪ વખત બિનજામીનપાત્ર વોરંટ જારી કરી ચૂકી છે. સોમવારે તેની સામે પાંચમી વખત વોરંટ જારી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કોર્ટે જયા પ્રદાના જામીનદારોને પણ નોટિસ જારી કરી છે.

જયા પ્રદા વિરુદ્ધ આ મામલે આગામી સુનાવણી ૧૯ ડિસેમ્બરના રોજ થશે. આ મામલે વારંવાર કોર્ટમાં ગેરહાજર રહેવાના કારણે જયા પ્રદાનું નિવેદન નોંધાઈ નથી શક્યું. તેમનું નિવેદન નોંધ્યા બાદ જ આ મામલે આગામી સુનાવણી થઈ શકશે. સોમવારે કોર્ટે જયા પ્રદાની અરજી ફગાવી દીધી હતી અને તેમની ધરપકડ કરવાનો આદેશ આપી દીધો છે.

### જેએનયુમાં ફરી એકવાર નવા નિયમો લાગુ

# જેએનયુમાં ધરણાં માટે ૨૦૦૦૦, દેશ વિરોધી નારેબાજી બદલ ૧૦૦૦૦નો દંડ

## જે વિદ્યાર્થીઓ પોતાના હિત માટે યુનિવર્સિટીમાં આંદોલન કરીને સમયાંતરે પોતાની માંગણીઓ ઉઠાવતા હતા તેઓ હવે માંગણીઓ કરી શકશે નહી

। નવી દિલ્હી, તા.૧૨ ।

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ) માં ફરી એકવાર નવા નિયમો લાગુ કરવા આદેશ જારી કરવામાં આવ્યો છે. આ નિયમ બાદ અહીંના વિદ્યાર્થીઓ ફરી નારાજ દેખાઈ રહ્યા છે. નવા નિયમો અનુસાર, યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ કરવા બદલ વિદ્યાર્થીઓને ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. આ સિવાય જો કોઈ દેશવિરોધી નારેબાજી કરશે તો તેને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. જે વિદ્યાર્થીઓ પોતાના હિત માટે યુનિવર્સિટીમાં આંદોલન કરીને સમયાંતરે પોતાની માંગણીઓ ઉઠાવતા હતા તેઓ હવે માંગણીઓ કરી શકશે નહી. તેના માટે ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ નક્કી કરવામાં આવ્યો છે. જો કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટીની અંદર દેશવિરોધી નારા લગાવશે તો તેના પર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ લાગશે. જો કે નવા આદેશ બાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ દરમિયાન એબીવીપીના સભ્ય અને મીડિયા ઈન્ચાર્જ અંબુજ તિવારીએ કહ્યું કે જવાહરલાલ




નહેરુ યુનિવર્સિટીનો આ નવો તુઘલકી ફરમાન પહેલા પણ આવી ચૂક્યો છે, જેની સામે અમે ઘણો વિરોધ કર્યો હતો અને પછીથી તેને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો, પરંતુ આજે ફરી એક આદેશ આવ્યો છે જેમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવાનું કહેવાય છે. આ બિલકુલ ખોટું છે કારણ કે અમારી માંગણીઓ માટે આંદોલન કરવું એ અમારો બંધારણીય અધિકાર છે.

ઉલ્લેખનીય છે કે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં માર્ચ મહિનામાં પણ આ નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. જેમાં કેમ્પસમાં વિરોધ કરવા પર વિદ્યાર્થીઓને ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ અને હિંસા કરવા બદલ તેમનો પ્રવેશ રદ થઈ શકે છે અથવા ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ થશે.

## તંત્રી લેખ...

# પાકિસ્તાનમાં મંદિર તોડવાની આ પહેલી ઘટના નથી

પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાવાળા ગુલામ કાશ્મીરમાં શારદા પીઠ મંદિરની દીવાલ તોડી નાખવામાં આવી. તેનાથી ભારતીયોમાં ગુસ્સાની લહેર વ્યાપી. શારદા પીઠ ઉપાસ્ય અને ઈતિહાસ સિદ્ઘ છે. પાકિસ્તાને એના પર સેના માટે કોફી હાઉસ બનાવ્યું છે. ભારતના દારા શિકોહ ફાઉન્ડેશને યુનેસ્કોને ફરિયાદી પત્ર લખ્યો છે. મંદિર યુનેસ્કોની સંરક્ષણ યાદીમાં છે. પાકિસ્તાને આ હિંદુ સાંસ્કૃતિક વારસાને જાણીજોઈને નિશાન બનાવ્યું છે. શંકરાચાર્યએ પણ અહીં ઉપાસના કરી હતી. સ્થાનિક વિદ્વાનોએ શંકરાચાર્ય પાસેથી ન્યાયદર્શન, સાંખ્ય, બૌદ્ઘ અને જૈન દર્શન પર ચર્ચા કરી હતી. દાર્શનિક રામાનુજાચાર્ય પણ શારદા પીઠ ગયા હતા. પાકિસ્તાનમાં મંદિર તોડવાની આ પહેલી ઘટના નથી. વિભાજન બાદ હિંદુ સંસ્કૃતિ અને દર્શનના અનેક કેન્દ્ર પાકિસ્તાની થઈ ગયા. ઋગ્વેદની પ્રસિદ્ઘ નદી સિંધુ પણ પાકિસ્તાની થઈ ગઈ. પાકિસ્તાની હિસ્સામાં સેંકડો હિંદુ મંદિર પણ ચાલ્યા ગયા. હિંદુઓ અલ્પસંખ્યક થઈ ગયા. લરકાના મંદિર પર ૨૦૧૪માં હુમલો થયો. પછી ૨૦૧૯માં અનેક મંદિરો પર હુમલા થયા. મૂર્તિઓ ગાયબ થઈ ગઈ. ત્યારે પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. ૨૦૨૧માં ખૈબર પખ્તૂનખ્વાના મંદિરોમાં તોડફોડ થઈ. એક મૌલાના મો.શરીફે ઉપાસના સ્થળોને તોડવાને પવિત્ર ફરજ ગણાવી હતી. હિંદુ આસ્થા કેન્દ્રો-મંદિરોના ધ્વસ્તીકરણને ફરજ ગણાવવી અપમાનજનક છે. સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય ચાર્ટરમાં અલ્પસંખ્યકોને પોતાની સંસ્કૃતિના પાલનનો અધિકાર છે, પરંતુ પાકિસ્તાનમાં અલ્પસંખ્યક હિંદુ ઉત્પીડનના શિકાર છે. જોર-જબરદસ્તીથી ધર્માંતરણ થાય છે. હિંદુ છોકરીઓ અને મહિલાઓને પકડીને જબરદસ્તી નિવેદન અપાવવામા ંઆવે છે કે તેઓ પોતાની મરજીથી હિંદુ ધર્મ છોડી રહી છે. ઈશનિંદા કાયદો પણ અલ્પસંખ્યક ઉત્પીડક છે. ખોટા કેસો કરવામાં આવે છે. વિભાજનના સમયે પાકિસ્તાનમાં ૪૨૮ મંદિરો હતા. હવે ૨૨ જ બચ્યા છે! આ જ પ્રકારે હિંદુ આબાદી પણ ઘટી રહી છે. આખરે હિંદુ પરિવારો ક્યાં ચાલ્યા ગયા? શું તેઓ કોઈ બીજા દેશમાં પલાયન કરી ગયા? શું તેમનું જબરદસ્તી ધર્માંતરણ કરાવાયું? મંદિરોને કોણે ધ્વસ્ત કર્યા અને કેમ? હિંદુ ઉત્પીડનના પ્રશ્ન પર દુનિયાના કોઈપણ દેશે સહાનુભૂતિપૂર્વક પ્રતિક્રિયા કેમ ન આપી? શારદાને કાશ્મીરની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવે છે. શારદા પીઠની પોતાની લિપિ હતી, જેનો ઉપયોગ ભારતીય ઉપમહાદ્વીપના ઉત્તર-પશ્ચિમી ભાગમાં થતો હતો. કહેવાય છે કે આ પશ્ચિમી બ્રાહ્મી લિપિથી નવમી શતાબ્દીમાં વિકસિત થઈ. હિમાચલ પ્રદેશના કેટલા હિસ્સામાં તેરમી સદી સુધી તેનો પ્રયોગ થયાનું કહેવાય છે. ઈતિહાસકાર અલ બરુનીએ ભારત યાત્રાના વર્ણનમાં 'સિદ્ધિમાત્રિક' નામે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શારદા વર્ણમાલા 'ઓમ સ્વસ્તિ સિદ્ધિમ્'થી આરંભ થતી હતી. હિંદુ જ્ઞાન પરંપરા અને સંશોધનમાં તક્ષશિલા, વિક્રમશિલા અને શારદા વિશ્વવિદ્યાલય પ્રતિષ્ઠિત રહી. નાલંદા વિશ્વ પ્રસિદ્ઘ હતી. વિશ્વવિદ્યાલયમાં વેદ, તર્કશાસ્ત્ર અને ચિકિત્સા વગેરે વિષયો ભણાવવામાં આવતા હતા. વિદેશી આક્રમણખોરોએ આ વિશ્વવિદ્યાલયોને નષ્ટ કરી. નાલંદામાં તુર્ક શાસક બખ્તિયાર ખિલજીએ આગ લગાવી દીધી.

# પરિસરો પર આવકવેરા વિભાગની છાપામારી

ઓડિશામાં શરાબ બનાવતી કંપનીઓના એક ગ્રુપ અને તેની સાથે જોડાયેલા પરિસરો પર આવકવેરા વિભાગની છાપામારીમાં લગભગ ૩૦૦ કરોડ રૂપિયા ઉપરાંતની રોકડ ઝડપાઈ તે ચોંકાવનારી તો છે જ, એટલું જ હેરાન કરનારું એ છે કે આ કાળા નાણાંના તાર કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહૂ સાથે જોડાયેલા છે. આના પરથી કંઈ સાબિત થાય છે તો એ જ કે ભ્રષ્ટાચાર વિરુદ્ઘ કેટલીય સક્રિયતા છતાં એના પર લગામ લાગતી દેખાતી નથી. ધીરજ સાહૂના મેનેજરના સ્થળેથી પણ ૧૦૦ કરોડ રૂપિયાની રોકડ મળી હોવાના અહેવાલો છે! કોઈપણ એજન્સીના એક અભિયાનમાં જપ્ત કરવામાં આવેલ આ સૌથી વધુ કાળું નાણું છે. જોકે ધીરજ સાહૂ કોઈ પહેલા એવા નેતા નથી જેમને ત્યાંથી અખૂટ ધનરાશિ મળી હોય. તેના પહેલાં દેશ ત્યારે દંગ રહી ગયો હતો, જ્યારે બંગાળમાં મમતા સરકારના મંત્રી પાર્થ ચેટર્જીની મહિલા મિત્રને ત્યાંથી ૫૦ કરોડ રૂપિયા રોકડ ઝડપાવાની સાથે કેટલીય અચલ સંપત્તિઓના દસ્તાવેજ મળ્યા હતા. તેમણે આ અખૂટ સંપદા શિક્ષકોની ભરતીમાં કૌભાંડ કરીને એકઠી કરી હતી. પોતાના મંત્રીના ભ્રષ્ટાચારને જોતાં તૃણમૂલ કોંગ્રેસે તેમને હાંકી કાઢ્યા હતા, પરંતુ કોંગ્રેસ હજુ સુધી ધીરજ સાહૂને લઈને મૌન જ છે. તેમના બચાવમાં ચોક્કસ એવા સૂર સંભળાયા કે તેઓ બહુ મોટા અને ખાનદારી ધંધાદારી છે. પહેલી નજરમાં જ આ ભ્રષ્ટાચારનો ગંભીર કેસ જણાય છે. ઝારખંડમાં પણ આવો જ એક કિસ્સો ત્યારે બન્યો હતો જ્યારે આઈએએસ પૂજા સિંઘલના સંબંધીને ત્યાંથી ઈડીને લગભગ ૧૭ કરોડ રૂપિયાની રોકડ મળી હતી. આ કિસ્સા એ જ દર્શાવે છે કે ભ્રષ્ટ નેતા, નોકરશાહ અને કારોબારીઓ કરોડોનાં કૌભાંડ કરી શકવામાં સક્ષમ છે. જે ભ્રષ્ટ નેતા કારોબારી પણ હોય છે, તે બંને હાથેથી અખૂટ સંપદા એકઠી કરવામાં એટલા માટે વધુ સમર્થ હોય છે, કારણ કે તેમને રાજકીય સંરક્ષણ મળે છે. ધીરજ સાહૂ બે વખત લોકસભાની ચૂંટણી લડ્યા, પરંતુ બંને વાર હારી ગયા. ત્યારબાદ પણ તેઓ કોંગ્રેસ નેતૃત્વની કૃપાથી રાજ્યસભા પહોંચતા રહ્યા. જ્યાં સુધી કોઈ પ્રમાણ ન મળે ત્યાં સુધી એમ ન કહી શકાય કે તેઓ પૈસાના જોરે ઉચ્ચ સદનમાં પહોંચ્યા, પરંતુ એ કોઈથી છૂપું નથી કે કઈ રીતે કેટલાક લોકો ધનબળ દ્વારા રાજ્યસભાની સદસ્યતા હાંસલ કરી લે છે. કાળી કમાણી કરનારા કઈ રીતે ભ્રષ્ટાચાર નિરોધક એજન્સીઓની આંખોમાં ધૂળ નાખે છે, તે એનાથી ખબર પડે છે કે ધીરજ સાહૂએ ૨૦૧૮માં રાજ્યસભા સદસ્ય બનતી વખતે પોતાના સોગંદનામામાં એમ જણાવ્યું હતું કે તેમની પાસે કુલ સંપત્તિ ૩૪.૮૩ કરોડ રૂપિયાની છે. એટલાથી સંતુષ્ટ ન થઈ શકાય કે આવકવેરા વિભાગે તેમની પોલ ખોલી નાખી, કારણ કે દેશમાં એવા લોકોની અછત નથી, જેઓ ભ્રષ્ટાચાર નિરોધક એજન્સીઓની નજરથી બચીને ખૂબ કાળી કમાણી કરી રહ્યા છે. સ્પષ્ટ છે કે આ એજન્સીઓએ વધુ સજાગ રહેવું પડશે. શરાબના કારોબાર સાથે જોડાયેલા આ કાળા નાણાંનો સંબંધ કોંગ્રેસ સાંસદ સાથે હોવાનો ખુલાસો ચૂંટણી પરાજયો બાદ ખુદ કોંગ્રેસ માટે અસહજ કરનારો તો છે જ, સાથે જ આ સચ્ચાઈ સંસદના ઉચ્ચ સદનની છબિ વિશે પણ ઉઘાડ કરે છે, જેના વિશે માનવામાં આવે છે.

# આજના આ માનસિક તાણ વાળા યુગમાં દંપત્તિનું નિ:સંતાન હોવું તે હવે બહુ સામાન્ય બની ગયું છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આજની યુવાની જવાબદારી થી ભાગી રહી છે અને એને કારણે જ એ સ્વતંત્ર રહેવાની માંગણી કરે છે. તદુપરાંત હજી તો ઘણો સમય છે! હરીફરી લેવું મોજમજા કરી લેવી એમ વિચારી પોતાના પરિવારનું વિસ્તરણ કરવામાં સમય લગાડે છે. બીજું આજના સ્પર્ધાત્મક યુગમાં એને સતત અસફળતાનો ડર રહે છે એને કારણે તેમજ પોતાનું કર્તવ્ય પૂરી રીતે નિભાવી ન શક્યો, આ બધી માનસિક તાણમાં એની જિંદગી વીતતી હોય છે, અને એટલે જ્યારે બાળક ઈચ્છે ત્યારે ઘણીવાર ન પણ થાય! અને પછી આ ડોક્ટરથી તે ડોક્ટર ના ધક્કા શરૂ! અને પછી ન થાય તો દત્તક લેવું એ સારી વાત છે અને એવો એક કિસ્સો આજે આપણે જોઈએ. અવની અને આકાશનાં લગ્નને દસ વર્ષ થઈ ગયાં હતાં, છતાં બાળક હતું નહીં. ઘણા દિવસો સુધી રાહ જોયા પછી તેઓએ, એક બાળક દત્તક લેવાનું નક્કી કર્યું, અને નક્કી કર્યું કે બાળક દત્તક લેવું. આમ તો અવની અને આકાશ બંને સર્વિસ કરતા હતા, અને રૂપિયા પૈસાની પણ કાંઈ તકલીફ હતી નહીં. ઘરનાં એ શરૂઆતમાં થોડો વિરોધ કર્યો કે, કોઈ પારકાનુ લોહી ઘરમાં આવશે, અને પછીથી બધી જ મિલકત લઈ અને ચાલ્યું જશે. પણ આ રીતે જીવન જીવવું હવે તેઓને મંજૂર નહોતું. બીજે દિવસે બંને જણાં એક અનાથ આશ્રમની મુલાકાતે ગયા,ત્યાંના બાળકોને મળ્યા, તેઓને ઉત્તર નામનુ એક ચારેક વર્ષનું બાળક પંસદ આવ્યું. ઉત્તર તંદુરસ્ત હતો પણ તે અનુત્તર હતો, એટલે કે બોલી શકતો ન્હોતો. પહેલા તો બાળકની કિલકારીથી ઘર ભરાઈ જશે એ, હેતુથી જ તેઓ દત્તક લેવા માંગતા હતા. પણ આ બાળક તો બોલી જ શકતું નહોતું, છતાં બંનેની નજર તેના પરથી હટતી નહોતી. દેખાવે પણ તે સુંદર હતું, વાંકડિયા વાળ, ગોરો વાન, કાળી કાળી ભોળી આંખો, નાના-નાના ગુલાબી હોઠ, અને સુંદર દંત પંક્તિ. કોણ છોડી ગયું હશે આવા સુંદર બાળક ને? લીગલી કાર્યવાહી પતાવીને તેઓ તે બાળકને લઈને ઘરે આવ્યા. આકાશ અને અવનીએ તેને ડોક્ટરને બતાવવાનું નક્કી કર્યું કે, આપણે એક ચાંસ લઈ જોઈએ. કદાચ કોઈ દુર્ઘટના વશ બાળક બોલી શકતું નહોય તો, યોગ્ય ટ્રીટમેન્ટ અથવા કાઉન્સેલિંગથી તેની વાચા પાછી આવી જાય, અને બાળકનું જીવન સુંદર બની શકે. તેઓ શહેરના જાણીતા એવા ડોક્ટર કેતન અવસ્થી, પાસે પહોંચ્યા, અને તેને ઉત્તરની બધી વાત કરી.આશ્ચર્યની વાત તો ત્યાં હતી કે ઉત્તર બોલી શકતો ન્હોતો, પણ સાંભળી શકતો હતો, અને સમજી પણ શકતો હતો, અને અવાજ પણ કરી શકતો હતો.

ડોકટરે બધાં એંગલથી તેને તપાસીને જોઈતા ટેસ્ટ પણ કરાવ્યા. તેની સ્વરપેટીની યોગ્યતા પણ તપાસી, અને તેની ટ્રીટમેન્ટ શરૂ થઈ. કેતન અવસ્થી, ઉપરાંત એક મનોચિકિત્સક રાહુલ ગાંધી, પાસે પણ તેઓ ગયા. કારણકે ઉત્તરની સ્વરપેટીમાં કોઈ જ વાંધો નથી, તેવું ડોક્ટર કેતન અવસ્થીનું કહેવું હતું. આથી હવે બંનેની શંકા સાચી પડી કે, કોઈ દુર્ઘટનાને કારણે જ તેની વાચા હરાઈ ગઈ છે. એક તો દત્તક લેવાના નિર્ણયથી જ ઘરના નારાજ હતા. ઉપરાંત આ મુગુ લઈ ને તેઓ આવ્યા, તેથી વધારે નારાજગી વહોરવી પડી. આકાશ અને અવની એવું વિચારતા હતા કે, નોર્મલ બાળકને તો સૌ કોઈ પ્રેમ કરે. આ ખામી કે તૂટી વાળા બાળકને અપનાવીએ અને જો પ્રેમ કરવામાં આવે તો એ બાળકનું જીવન સુધરી જાય! બંને બધી રીતે પહોંચી શકે તેમ હતા. આથી તેનો ઈલાજ પણ કરી શકે તેમ હતા. અને જો તેઓના પ્રયત્નો સફળ નીવડે તો, એક બાળક આ દુનિયામાં હસતું બોલતું જીવન પસાર કરશે, અને ઉત્તરની જે અનુત્તર રહેતી વાણીને તેઓ લોકો પાછી લાવવા માગતા હતા. અને પોતાનાથી બને તેટલા બધા જ પ્રયત્નો કરતા હતા. ઘરે પણ તેઓ તેને ખૂબ જ પ્રેમ,ને લાડ કરતા. તો અનાથાશ્રમમાં તેને જે પૌષ્ટિક તત્વોની કમી રહી ગઈ હોય, તેને કારણે પણ આવું કંઈક થયું હોય શકે, એમ વિચારી તેને પૂરતું પોષણ મળે તેવા હવા અને ઉજાસ અને ખોરાક દવાઓ વગેરે પણ આપવાનું શરૂ કર્યું. અને એમ કહો કે તેનું રડવાનું કોઈ કારણ જ ના રહ્યું. ગઈકાલ સુધી અનાથાશ્રમના ઓરડમાં પડ્યું પડ્યું રડતું, એ બાળક હાલરડા અને લાડકોડથી ઉછરવા લાગ્યું.

રોજ તેની માટે શોપિંગ થતું, કોઈ દિવસ કપડાનું કોઈ દિવસ રમકડાનું, કોઈક દિવસ તેના **nutrition** પ્રમાણેના દૂધના પાવડર દવાઓ વગેરેનું તો કોઈક દિવસ, તેને લઈ અને બંને જણા ગાડીમાં ફરવા પણ જતા. અનાથાશ્રમ વાળાઓ આમ તો કોઈને બાળકના ભૂતકાળ વિષે કંઈ કહેતા હોતા નથી. છતાં પણ આ બાળકની આ તકલીફને કારણે, ડોક્ટરને તેનો ભૂતકાળ જાણવું બહુ જરૂરી હોવાથી, આકાશ અને અવનિ ફરી પાછા અનાથાશ્રમ જાય છે. તેઓને વિનંતી કરે છે કે આ બાળક તેઓને ક્યાંથી મળ્યું? બહુ જ આજીજી કરતા તેઓએ જણાવ્યું કે આ બાળક એક પોલીસ કર્મચારી તેઓને આપી ગયા હતા, કારણ કે એક એક્સિડન્ટમાં બાળકના ઘરના બધા જ સ્થળ પર મૃત્યુ પામ્યા હતા. દસ પંદર દિવસ સુધી રાહ જોવા છતાં, જ્યારે તેનું કોઈ સગું તેને લેવા ન આવ્યું ત્યારે અંતે પોલીસે આ બાળકને અનાથાશ્રમને સોંપવાનું નક્કી કર્યું. આ માહિતી જ્યારે તેઓએ ડોક્ટર કેતન અવસ્થી, અને ડોક્ટર રાહુલ ગાંધીને, આપી ત્યારે તેઓ ને હવે આ કેસ સોલ કરવો બહુ જ સહેલો થઈ ગયો હતો, કારણકે બાળક ભલે નાનું હતું પણ આ ઘટના ની અસર તેના મગજ પર પડી હતી. અથવા તો તે એક્સિડન્ટ થયો ત્યારે એકધારું એટલે કે પોલીસ આવી ત્યાં સુધી રેડ્યું હશે, તેની પણ અસર હોઈ શકે તેઓનું માનવું હતું. અને કાઉન્સેલિંગમાં સૌથી પહેલાં બાળકને ગાડીમાં લઈ જઈ, અને એક જાનહાનિ ન થાય તેવો નાનકડો એકસીડન્ટ કરવું તેવું નક્કી થયું. ઝાડ કે એવી કોઈ જગ્યાએ ગાડી ભટકાય તો કદાચ આનો ઈલાજ થાય. આજે રવિવારે રજા હોવાથી તેઓના બંગલામાંથી બે-ત્રણ ગાડીઓ બહાર ફરવા માટે નીકળી. અને ડોક્ટર રાહુલ ગાંધી અને ડોક્ટર કેતન અસ્થિની કાર પણ બહાર જવા માટે અને આ ટ્રીટમેન્ટના એક ભાગરૂપે થતી પિકનિકનો હિસ્સો બનવા જઈ રહી હતી.

ડોક્ટર રાહુલ ગાંધીનું માનવું હતું કે બાળક આગળની સીટમાં, એટલે કે ગાડી ચાલકની બાજુની સીટમાં કોઈના ખોળામાં બેઠું હશે. તેથી આ દુર્ઘટનાનું દ્રશ્ય, હજી તેના મન-મગજમાં અકબંધ છે,એટલે આજે પણ તેને આગળ જ બેસાડવુ. પણ અવનીનો જીવ ચાલતો નહોતો, કારણ કે નાનો એવો પણ જો એક્સિડન્ટ થાય, અને તેમાં તેને કંઈ થઈ જાય તો!!! એવું તે વિચારતી હતી. પરંતુ આ પણ જરૂરી હતું તેથી કચવાતા મને તે આકાશની બાજુની સીટમાં બેઠી, અને તેના ખોળામાં ઉત્તર હતો.ગાડી નક્કી કર્યા મુજબ જ એ માર્ગે ચાલી રહી હતી. અને એક ઝાડ આવતા ગાડી જાણે સ્લીપ થઈ ગઈ હોય તે રીતે, તેને રસ્તા પરથી ઓચિંતાની ઉતારી, અને તેને ઝાડ સાથે ભટકાડવામાં આવી. ગાડીનો આગળનો કાચ તૂટી ગયો, પણ બીજી કોઈ ઈજા તેને થઈ નહીં. અને બધાના આશ્ચર્ય વચ્ચે ઉત્તર ડરી ગયો હોય તેમ, એકદમ જોરથી રડવા લાગ્યો, અને હજી નવું નવું બોલતા શીખ્યો હોય તેમ, મમ્મી મમ્મી કરવા લાગ્યો. અવની તેને છાતી સરસો ચાંપી દીધો, અને ખૂબ જ વ્હાલ કરવા લાગી.અને વર્ષોની તેની મમતાને વાંચા મળી. અને ઉત્તરને પણ તેની મા મળી ગઈ. અવની આકાશને તેનો ઉત્તર એટલે કે તેના નિસંતાન હોવાનો જે આક્ષેપ હતો, તેનો ઉત્તર મળી ગયો. અંતે જે વિચારથી તેઓએ આ બાળકને દત્તક લીધું હતું, તે વિચાર તેઓનો પરિપૂર્ણ થયો અને ઉત્તર એક નોર્મલ બાળક બની ગયું. તો મિત્રો આજના આ માનસિક તાણ વાળા યુગમાં દંપત્તિનું નિઃસંતાન હોવું તે, હવે બહુ સામાન્ય બની ગયું છે, ત્યારે આ રીતે દત્તક લઈને કોઈ નિરાધાર બાળકના મા-બાપ બની, અને તેનું જીવન સંવારવુ કે સુધારવું તે એક સારી વાત છે. તેમાં પણ નોર્મલ બાળકને તો સૌ કોઈ પ્રેમ કરી શકે, પણ કોઈ એબનોર્મલ અથવા તો ત્રૂટી વાળા, બાળકને અપનાવવાથી તેનું જીવન સુધરી જતું હોય છે. દત્તકનો જે આશય છે, તેમાં મનમાં એક દૂરીનો ભાવ ન લાવે, અને તે આપણું જ બાળક છે, તેવા ભાવથી તેને અપનાવવું જોઈએ.

# ભક્તિને કોઇપણ જાતની અવલંબનની જરૂર પડતી નથી, તે સ્વતંત્ર છે, જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે, ભક્તિ એ કોઇને આધીન નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



લક્ષ્મીના મદમાં આ નાશવંત શરીરને લોકો અજર અમર માનવા લાગે છે અને બીજાં પ્રાણીઓનો દ્રોહ કરે છે. છેવટે તો શરીર રાખનો ઢગલો થવાનું છે એ માણસ ભૂલી જાય છે. એક શરીર પર કેટલા માણસો હક્ક કરે? દીકરો કહે છે,મારા શરીરનો માલિક હું, માતા કહે,તું નહીં હું,પિતા કહે,હું,એની પત્ની કહે,એ મારો પતિ થયો, એટલે એની માલિક હું! એને માટે હું પિતૃગૃહ છોડીને આવી છું. ત્યારે અગ્નિ કહે છે કે, બાપુ, જો આ શરીર ઉપર તમારો કોઈનો હક્ક હોય તો પ્રાણ ગયા પછી તમે તો એ મને સોંપી દો છો. માટે એ શરીર ઉપર કેવળ મારો જ હક્ક છે. તો વળી શિયાળ, કૂતરાં પણ એના ઉપર હક્ક કરે છે! ગીધડાં યે હક્ક કરે છે.ખરેખર આ શરીર ઉપર કોનો હક્ક છે તે સમજ પડતી નથી પણ પ્રભુ છેલ્લો નિર્ણય એટલે આપ્યો છે કે, આ શરીર કોઈનું નથી. મેં તે જીવને આપ્યું છે, તેથી મારું છે. એ મારી કૃતિ છે.ટૂંકમાં, આ મનુષ્ય શરીર પ્રભુએ અત્યંત કૃપા કરી આપણને આપેલું છે. મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથી અને પ્રભુચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે. તેઓ પોતે પોતાની જાતને દગો દઈ રહ્યા છે. અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે,છતાં જે ન કરે તેના જેવો કમન સીબ કોણ?રૂપિયા સોની નોટ ફાટી ગયેલી હોય, પણ જો નોટનો નંબર દેખાતો હોય,તો નોટને ચલણની કોઈ ફેંકી દેતું નથી, તેમ આ શરીર નંબરવાળી નોટ છે. એટલે એનું પૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું?મનુષ્ય કહે છે કે, હું વ્યવહારુ છું.તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે. પ્રભુએ કૃપા કરીને તે આપ્યું છે. મદમાં અંધ થયેલા લોકોને કાંઈ ભાન નથી. શરીરનો ઉપયોગ કેવળ ભોગવિલાસમાં કરે તેને બીજા જન્મમાં વૃક્ષ થવું પડે છે.એ ભોગ યોનિ છે. વૃક્ષ એ જડ નથી, તે પાપ યોનિ છે. છ ઋતુના તેને માર સહન કરવા પડે છે. માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે!આ બંને યક્ષો મદથી આંધળા એવો નારદજીએ તેમને શાપ આપ્યો. અજિતેન્દ્રિય બન્યા હતા. તેથી હે યક્ષો,તમે વૃક્ષ થઈને પડો! શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવ ને પશ્ચાત્તાપ થયો, દુ:ખ થયું. તેઓ નારદજીને શરણે નારદજીએ કૃપા કરી તેને ગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું, જાઓ,નંદ બાબાના ઘરના આંગણામાં તમને વૃક્ષનો અવતાર મળશે. ત્યાં તમને શ્રીકૃષ્ણનાં ચરણનો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે. આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ- લતાનો અવતાર માગે છે. ત્યારે આમને સામેથી વગર માગ્યે મળે છે. નારદજીએ શ્રાપ તો આપ્યો, પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદરૂપ હોય છે. એટલે તેમને ગોકુળમાં વૃક્ષોનો અવતાર મળ્યો. ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુમય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છે કે, અહીં તો ગોપીઓ પણ મુકુંદપદવીને પામેલી છે. એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે. વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષલતા રૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું. વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે!પ્રભુએ નળકુબેર -મણિગ્રીવ રૂપ તે બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. નળકુબેર અને મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી કે, હે ભગવાન! અમે તમારી પાસે એટલું જ માગીએ છીએ કે, અમારી વાણી ફક્ત આપના ગુણા નુવાદ ગાવામાં રચીપચી રહો, અમારા કાન આપની કથા સાંભળવામાં તલ્લીન રહો, અમારા હાથ આપના સેવાકાર્યમાં અને અમારું મન આપનાં ચરણોનું સ્મરણ કરવામાં લીન રહો, અમારું મસ્તક આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં રત્ રહો. અમારી દૃષ્ટિ આપની મૂર્તિ રૂપ સંત પુરુષોનું દર્શન કરવામાં તત્પર રહો, આંખ,કાન,હાથ, પગ, વાણી એમ એક એક ઈન્દ્રિયને ભક્તિરસનું દાન કરો તો ઈન્દ્રિયોને શાંતિ મળશે નળ કુબેર-મણિગ્રીવ આ સ્તુતિ કરી ગોલોક ધામમાં ગયા છે. ગોલોક ધામમાં નિત્ય શ્રીકૃષ્ણ લીલા થાય છે.આજે તેઓ સ્નિગ્ધ અને મધુકંઠ રૂપે ગોલોકમાં રોજ શ્રીકૃષ્ણકીર્તન કરે છે.

વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે.આવડાં મોટા વૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો.ભગવાનની દયા કે અમારો કનૈયો બચી ગયો. નંદબાબા દોડતા આવ્યા છે. જોયું કે કનૈયો ખાંડણિયા સાથે બંધાયો છે. તરત એમણે અને જેવો.તું કોનો દીકરો છે? કનૈયો કહે છે, આજ સુધી માનો હતો,પણ આજ થી તમારો દીકરો છું. "નંદબાબાને ઈચ્છા હતી કે, એક વખત કનૈયો કહે કે, બાબા, તમારો દીકરો છું. આજે તે ઈચ્છા પૂર્ણ થઈ. નંદબાબાએ યશોદાને ઠપકો આપ્યો, આવું કરાતું હશે? લાલાને કેમ બાંધ્યો? યશોદા જવાબ આપે છે, શું કરું? તેને ચોરી કરવાની આદત પડી છે. ચોરીની આદત છોડાવવા મેં એને બાંધ્યો છે. મને કંઈ એના પર રીસ નથી. લાલો તો મારો પ્રાણ છે. પછી લાડ કરી યશોદા લાલાને બોલાવે છે, બેટા,અહીં આવ!પણ કનૈયો જવાબ આપે છે, હું તો બાબાનો દીકરો છું! યશોદા વિચારે છે, ગોપીઓ રડતી હતી, બાળકો રડતાં હતાં, છતાં મેં નિષ્ઠુર થઈ લાલાને બાંધ્યો. મેં લાલાને બાંધ્યો તે યોગ્ય નથી કર્યું. યશોદા લાલાને મનાવે છે,પણ શ્રી કૃષ્ણ જતા નથી.યશોદાજી કહે છે,મારો કનૈયો રિસાયો.લાલો હવે ક્યારે ગોદમાં આવશે. એકદમ એ રડી પડ્યા. રડતાં રડતાં કહે, કદી તને નહીં બાંધું! મારી ભૂલ થઈ લાલા! વૈષ્ણવ રડે છે તે પરમાત્માને સહન થતું નથી. શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે તેવો પ્રેમ કોઈ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ માટે જે રડે છે તેને કનૈયો આવીને મળે છે. હસનારને કનૈયો મળતો નથી. યશોદાજી રડવા લાગ્યાં.

શ્રીકૃષ્ણથી આ સહન થયું નહીં. કનૈયો દોડતો આવ્યો અને માની ગોદમાં બેઠો. પછી પિતાંબરથી માનાં આંસુ લૂછે છે. માએ પ્યાર કર્યો છે. છોકરો કેવો ડાહ્યો છે! માતાજી લાલાને સમજાવે છે, બેટા, મેં તને બાંધ્યો તે મારી ભૂલ થઈ. બેટા, મેં તને બાંધ્યો તે મનમાં રાખીશ નહીં. તું ભૂલી.જા! કનૈયો માને કહે છે, મા, હું બધું ભૂલીશ પણ તેં મને બાંધ્યો તે નહીં ભૂલું! મા, હું મોટો થઈશ, તો પણ એ નહીં ભૂલું! મા એ ભૂલવા જેવી ચીજ નથી! માહું તને છોડીને જસ છોડી નહીં જઈ શકું,એટલે આ તારું પ્રેમબંધન કનૈયો કદી ભૂલશે નહીં. મા,હું કોઈનો નહીં,પણ તારો બંધાયેલો છું. ગોકુળની આ મુખ્ય લીલા છે.જ્ઞાની અને તપસ્વી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે, પણ પપાષાને બાંધવાની શક્તિ જ્ઞાનીમાં નથી. ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જ્ઞાની બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં બ્રહ્મમય થઈ શકે છે, પણ અનન્ય ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. તપ કરતાં, જ્ઞાન કરતાં પ્રેમલક્ષણા ભક્તિ જ શ્રેષ્ઠ છે. જ્ઞાન અને તપ ભગવાનને બાંધી શકે નહીં. જ્ઞાનીઓ,તપસ્વીઓ બ્રહ્મચિંતન કરે છે, પણ પ્રેમલક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જીવમાત્ર ઉપર પરમાત્મા પ્રેમનો વરસાદ વરસાવે છે, પણ આ જીવ એવો દુષ્ટ છે કે, તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી. પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું સ્મરણ કરો. ઠાકોરજીને લીધે હું સુખી છું. પ્રભુની કૃપાથી હું સુખી થયો છું. એવો વારંવાર વિચાર કરશો તો પ્રભુમાં પ્રભુ જાગશે.પરમાત્મા બીજું કાંઈ માગતા નથી, માત્ર પ્રેમ માગે છે. પ્રભુ સાથે પ્રેમ કરવો હોય તો બે વસ્તુઓ હંમેશાં ધ્યાનમાં રાખજો. પ્રભુ પાસે કાંઈ માગશો નહીં અને પ્રભુએ કરેલા ઉપકારો ભૂલશો નહીં. બીજા કોઈ બળથી જીવ પ્રભુને બાંધી શકે નહીં, ફક્ત પ્રેમદોરીથી બાંધી શકે છે. ભાગવતમાં હાસ્યરસ, શૃંગારરસ, વીરરસ, કરુણરસ વગેરે નવ રસો છે અને દસમો રસ ભક્તિરસ પણ તેમાં છલોછલભર્યો છે. ભક્તિરસ બીજા નવેનવ રસોથી ઉત્તમ છે. કારણ કે અન્ય સર્વ રસમાં કડવાશ છે. તુલસીદાસજી કહે છે કે,ભક્તિ જ પ્રભુને પીગળાવી શકે છે. ભક્તિને કોઈપણ જાતની અવલંબનની જરૂર પડતી નથી. તે સ્વતંત્ર છે. જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે,ભક્તિ એ કોઈને આધીન નથી. આથી ભક્તિ શ્રેષ્ઠ છે.

# એક્ટ્રેસ પૂજા બત્રાના પિતા રવિ બત્રા ભારતીય સેનામાં કર્નલ રહી ચુક્યા છે



। મુંબઈ, તા.૧૨ ।

હકીકતમાં, અહીં અમે ભારતીય ફિલ્મ એક્ટ્રેસ પૂજા બત્રાની વાત કરી રહ્યા છીએ. એક્ટ્રેસના પિતા રવિ બત્રા ભારતીય સેનામાં કર્નલ રહી ચુક્યા છે. તેની માતા ૧૯૭૧ની મિસ ઈન્ડિયા સ્પર્ધક નીલમ બત્રા છે. તેને બે ભાઈઓ છે. પૂજા બત્રા શહીદ સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલના સંબંધી છે, જેણે ભારતના સર્વોચ્ચ સૈન્ય સન્માન પરમવીર ચક્રથી નવાજવામાં આવ્યા છે. આ રીતે, એક્ટ્રેસ એક આર્મી બેકગ્રાઉન્ડમાં રહી છે અને પડદા પર તે પોતાની ક્ષમતાના દમ પર આવી છે. પૂજાએ ૧૯૯૩માં ફેમિના મિસ ઈન્ડિયા પ્રતિયોગિતામાં રનર અપનો ખિતાબ જીત્યો હતો અને ૧૯૯૩માં ફેમિના મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલનો તાજ પહેરાવવામાં આવ્યો હતો. જ્યારે પૂજા બત્રા નાની હતી, ત્યારે તે તેના પરિવાર સાથે લુધિયાણામાં રહેતી હતી અને તેની સ્કૂલના દિવસોમાં એથલીટ હતી. એક્ટ્રેસ બાળપણમાં ૨૦૦ અને ૪૦૦ મીટરની રેસમાં ભાગ લેતી હતી. તેમણે પુણેની ફર્ગ્યુસન કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. ત્યારબાદ, તેણે સિમ્બાયોસિસ, પુણેથી માર્કેટિંગમાં MBA કર્યું અને પછી તેણે ૧૯૯૩માં મિસ ઈન્ટરનેશનલ બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લીધો. ત્યારબાદ તેણી ફિલ્મના પડદાં પર આવી. ૨૭ ઓક્ટોબર ૧૯૭૫ના રોજ, પૂજા બત્રાએ તેની ફિલ્મી કરિયરની શરૂઆત Aasai થી કરી હતી, જે એક તેલુગુ ફિલ્મ હતી. ૧૯૯૫માં રિલીઝ થયેલી આ ફિલ્મને દર્શકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો પરંતુ તેમાં તે કેમિયો રોલમાં હતી. આ પછી તે Sisindri માં લીડ તરીકે જોવા મળી હતી. તેણે મલયાલમ અને તમિલ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. સાઉથ બાદ, અભિનેત્રીએ અનિલ કપૂર અને તબ્બુ સ્ટારર ૧૯૯૭ની બોલિવૂડ ફિલ્મ 'વિરાસત'થી હિન્દીમાં ડેબ્યુ કર્યું હતું. ફિલ્મમાં પોતાની સુંદરતાથી તેણે દર્શકોનું દિલ જીત્યું હતું અને પોતાની પહેલી ફિલ્મમાં તેણે પોતાના પ્રદર્શન માટે સકારાત્મક સમીક્ષા થઈ હતી. પૂજાએ ગોવિંદા, સંજય દત્ત, અનિલ કપૂર અને સુનીલ શેટ્ટી જેવા ૯૦ના દાયકાના ટોચના સ્ટાર્સ સાથે કામ કર્યું હતું. તેની કેટલીક ફિલ્મોમાં હસીના માન જાયેગી, ભાઈ, તલાશ અને નાયકનો સમાવેશ થાય છે. પૂજા તેના ફિલ્મી કરિયરમાં સામાન્ય રીતે સફળ રહી હતી અને એવું માનવામાં આવતું હતું કે તે નવી ઊંચાઈએ પહોંચશે, પરંતુ અચાનક તેણે લગ્ન પછી ઈન્ડસ્ટ્રી છોડવાનો નિર્ણય કર્યો. લગભગ ૩૦ ફિલ્મો કર્યા પછી, પૂજાએ ૨૦૦૨માં યુએસએ સ્થિત ડૉ. સોનુ અહલુવાલિયા સાથે લગ્ન કર્યા. એ એવો સમય હતો જ્યારે અભિનેત્રીઓ લગ્ન પછી ફિલ્મો નહોતી કરતી અને પૂજાએ પણ એવું જ કર્યું હતું. તેણી યુનાઈટેડ સ્ટેટ્સમાં શિફ્ટ થઈ ગઈ અને તેના ચાહકોને નિરાશ કરીને ઈન્ડસ્ટ્રી છોડી દીધી. જો કે, લગ્નના ૯ વર્ષ પછી, યુગલે ૨૦૧૧માં છૂટાછેડા માટે અરજી કરી હતી. તે સમયે એવા અહેવાલ હતા કે પૂજાને હોલિવુડમાંથી ઓફર મળી રહી હતી પરંતુ તેનો પતિ તેના શોબિઝમાં ફરીથી સામેલ થવાના વિચારની ખિલાફ હતાં. પોતાના પહેલા પતિની તલાક બાદ એક્ટ્રેસ ભારત પરત આવી અને બોલિવૂડમાં પોતાની બીજી પારી શરુ કરી.

# એક્ટ્રેસ નેહા બની ઉપ્સ મુમેન્ટનો ભોગ



। મુંબઈ, તા.૧૨ ।

ભાભીજી ઘર પર હૈ ટીવીની પોપ્યુલર કોમેડી શો છે. લોકો આ શોને ખૂબ પસંદ કરી રહ્યા છે. આ માટે શોના સ્ટાર કાસ્ટ ઘરે-ઘરે ફેમસ થઈ ગયા છે. શોમાં નેહા પેંડસે ગોરી મેમ એટલે કે અનીતા ભાભીની ભૂમિકામાં નજરે પડી હતી. અનેક લોકો એવા હોય છે જે આ શો રેગ્યુલર જોતા હોય છે. આ શોનો એક પણ એપિસોડ મિસ કરતા હોતા નથી. આ શો પછી ફેન એમને ગૌરી મેમના નામથી જાણીતા બની ગયા છે. જો કે હાલમાં એક્ટ્રેસ આઈટીએ એવોર્ડ્સમાં સ્પોટ થઈ હતી. એક્ટ્રેસ ખૂબ ગ્લેમરસ અને બોલ્ડ લુકમાં જોવા મળી. આ બોલ્ડ અંદાજ ફેન્સને ગમ્યો નહીં અને લોકોએ ટ્રોલ કરી. જો કે આ વખતે એક્ટ્રેસ એવું શું ચુકી ગઈ જેના કારણે ટ્રોલર્સના નિશાન પર આવી ગઈ છે? હાલમાં સામે આવેલા એક વિડીયો અને તસવીરોમાં નેહા પેંડસે બ્લેક હાઈટ સ્લિટ ગાઉનમાં જોવા મળે છે. બ્લેક હાઈટ સ્લિટ ગાઉન પહેરીને નેહા પેંડસે એવોર્ડ નાઈટમાં પહોંચી હતી. આ સમયે એક્ટ્રેસનો લુક ખૂબ ક્લાસી અને ગ્લેમરસ લાગતો હતો. એક્ટ્રેસનો આ લુક જોઈને અનેક લોકોએ ટ્રોલ કરી હતી. જો કે આ લુકમાં એક્ટ્રેસ પોતાને ક્યૂટ માની રહી હતી.

# પરિણીતી ચોપરા મને : નથી લાગતું કે તમે મને રાજકારણમાં જોઈ શકશો

। મુંબઈ, તા.૧૨ ।

બૉલીવુડ અભિનેત્રી પરિણીતી ચોપડાએ આ વર્ષે સપ્ટેમ્બરમાં AAPના નેતા રાઘવ ચડ્ઢા સાથે ડ્રીમ વેડિંગ કર્યા હતા. આ કપલ અવારનવાર સોશિયલ મીડિયા પર એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતું રહે છે. તાજેતરમાં એક વાતચીત દરમિયાન જ્યારે પરિણીતીને લગ્ન બાદ રાજકારણમાં આવવાની શક્યતા વિશે પૂછવામાં આવ્યું તો અભિનેત્રીએ રસપ્રદ જવાબ આપ્યો. તેણે લગ્ન જીવનને પણ ઉત્તમ ગણાવ્યું હતું. પરિણીતી ચોપડાએ રાઘવ ચડ્ઢા સાથે લગ્ન કર્યા બાદ રાજનીતિમાં આવવા વિશે ખુલીને વાત કરી હતી. તાજેતરમાં, એક ઈન્ટરવ્યૂમાં પરિણીતી ચોપરાને તેના પતિ રાઘવ ચડ્ઢાની રાજકીય સંડોવણીને ધ્યાનમાં રાખીને રાજકારણમાં એન્ટ્રી કરવા વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં પરિણીતીએ કહ્યું, 'તે બૉલીવુડ વિશે કશું જાણતા નથી અને હું રાજકારણ વિશે કંઈ જાણતી નથી, તેથી મને નથી લાગતું કે તમે મને રાજકારણમાં જોશો. પરિણીત જીવન પર પોતાનો દ્રષ્ટિકોણ શેર કરતાં અભિનેત્રીએ કહ્યું, 'અમને કલ્પના નહોતી કે અમને આખા દેશમાંથી આટલો પ્રેમ મળશે. મને લાગે છે કે જો તમે યોગ્ય વ્યક્તિ સાથે હોવ તો લગ્ન જીવન શ્રેષ્ઠ છે. ઉલ્લેખનીય છે કે, ગયા મહિને રાઘવ ચડ્ઢાને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવતા પરિણીતી ચોપડાએ કહ્યું હતું કે, 'તમે મને ભગવાને આપેલી શ્રેષ્ઠ ભેટ છો, મારા રાગાઈ! તમારી શાંતિ મારી દવા છે.



# અનુષ્કા શર્મા બેસ્ટ પત્ની હોવાની સાથે સુપર મોમ પણ છે



। મુંબઈ, તા.૧૨ ।

અનુષ્કા શર્મા અને ક્રિકેટર પતિ વિરાટ કોહલી આજે પણ અનેક લોકોના દિલમાં રાજ કરે છે. અનુષ્કા અને વિરાટ પોતાની આગવી ઓળખથી લોકોને ખુશ કરી દે છે. આ ક્યૂટ કપલે એક ફેરી ટેલ વેડિંગમાં એકબીજાનો સાથ નિભાવવાની કસમ ખાધી હતી. અનેક વર્ષ સુધી એકબીજાને ડેટ કરતા રહ્યા અને પછી લગ્ન કરવાનો નિર્ણય લીધો. અનુષ્કા અને વિરાટ હવે વામિકાના પ્રાઉડ પેરેન્ટ્સ છે જેમને વર્ષ ૨૦૨૧માં દીકરીને જન્મ આપ્યો. આજ રોજ એટલે કે ૧૧ ડિસેમ્બરના રોજ વિરાટ-અનુષ્કા છઠ્ઠી એનિવર્સરી મનાવી રહ્યા છે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્માના લગ્ન સૌથી ખૂબસુરત લગ્નમાંથી એક હતી. પોતાની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા ત્યારે વિરાટ એકદમ ખુશ જોવા મળી રહ્યો હતો. તસવીર શેર કરીને એક્ટ્રેસ લખ્યુ છે કે આજે અમે એકબીજા સાથે હંમેશા માટે પ્રેમના બંધનમાં બંધાવવાનો નિર્ણય કર્યો છે. અમે રિયલમાં તમારી સાથે આ વાત શેર કરીને બહુ ખુશ છીએ. અમારા પરિવાર અને સપોર્ટથી આ દિવસ ખાસ બની જશે. અમારી સફરનો મહત્વનો હિસ્સો બનાવવા માટે ધન્યવાદ. હાલમાં વિરાટ-અનુષ્કાની આ તસવીર ખૂબ વાયરલ થઈ રહી છે.

કપલની ગાર્ડન વેડિંગ એ સમયે સૌથી ટ્રેન્ડી ટોપિક્સમાંથી એક હતી. અનુષ્કા અને વિરાટના લગ્નની આ તસવીરો આજે પણ લોકો માટે એક પરફેક્ટ પિક્ચર બની રહે છે. અનુષ્કા હંમેશા પોતાની આગવી અદાઓથી લોકોની ખુશ કરી દે છે, જ્યારે વિરાટ ક્રિકેટની પીચ પર આવતાની સાથે લોકો સીટીઓ વગાડવા લાગે છે. આમ આ કપલની એક-એક તસવીરો ફેન્સને ખૂબ પસંદ પડે છે. ઉલ્લેખનીય છે કે અનુષ્કા અને સુઈ ધાગાના કો-સ્ટાર વરુણ ધવન ફિલ્મ ક્રિટીક અનુપમા ચોપરા સાથે વાત કરી રહ્યા હતા. ત્યારે અભિનેત્રીને પૂછવામાં આવ્યું કે, તે અને વિરાટ તેમની કારકિર્દીના સારા-નરસા પડાવોનો સામનો કેવી રીતે કરે છે. જવાબમાં અનુષ્કા જણાવે છે કે, અમે સફળતા અને નિષ્ફળતાને ગંભીરતાથી લેતા નથી. તેણે કહ્યું કે તેઓ સાદું જીવન જીવવામાં માને છે. વધુમાં અનુષ્કાએ જણાવ્યું કે, મેં વિશ્વના સૌથી શ્રેષ્ઠ પુરૂષ સાથે લગ્ન કર્યા છે. ઈટલીમાં પરીવાર અને અંગત મિત્રોની હાજરીમાં આ કપલે વર્ષ ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. એક સમયે વિરાટ જણાવ્યુ હતુ કે અનુષ્કાએ તેનું જીવન વધુ સારું બનાવ્યું છે. અનુષ્કા તેની ગર્લફ્રેન્ડ હતી ત્યારથી લઈને તેની પુત્રી વામિકાની માતા બની ત્યાં સુધી તેના ક્રિકેટર પતિને મેચમાં ચીયર કરતી રહી છે.

## ફિલ્મમાં રણબીર કપૂર, રશ્મિકા મંદન્ના, અનિલ કપૂર, બોબી દેઓલની સાથે તૃપ્તિ ડિમરીની પણ વખાણ થઈ રહ્યા છે

# આવા સીન નહોતા કરવાના ભાભી નંબર-૨ના માતા-પિતા



। મુંબઈ, તા.૧૨ ।

ફિલ્મ એનિમલ બોક્સ ઓફિસ પર રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત આ ફિલ્મે અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૬૦૦ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો છે. ફિલ્મમાં રણબીર કપૂર, રશ્મિકા મંદન્ના, અનિલ કપૂર, બોબી દેઓલની સાથે તૃપ્તિ ડિમરીની એક્ટિંગના પણ ખૂબ વખાણ થઈ રહ્યા છે. તૃપ્તિ રણબીર કપૂર સાથેના તેના ઈન્ટિમેટ સીન્સ માટે ઘણી ચર્ચામાં રહી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તૃપ્તિએ ચર્ચા કરી હતી કે જ્યારે તેણીના માતા-પિતાએ સ્ક્રીન પર રણબીર સાથેના અંતરંગ દ્રશ્યો જોયા ત્યારે કેવી પ્રતિક્રિયા હતી. મારા માતા-પિતાએ મને કહ્યું કે અમે તને ક્યારેય ફિલ્મોમાં આવું કરતા જોઈ નથી, પણ તારે આવું નહોતું કરવું જોઈતું.

તૃપ્તિએ જણાવ્યું હતું કે ફિલ્મમાં રણબીર સાથે ઈન્ટીમેટ સીન જોઈને તેના પેરેન્ટ્સ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. તેના માતા-પિતાને આ દ્રશ્ય જોઈને સમજવા, સ્વીકારવામાં ઘણો સમય લાગ્યો હતો. ફિલ્મ એનિમલ બોક્સ ઓફિસ પર રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે એક્ટ્રેસે કહ્યું, 'એનિમલમાં મને ઈન્ટિમેટ સીન કરતા જોઈને મારા પેરેન્ટ્સ ચોંકી ગયા હતા. તૃપ્તિએ વધુમાં કહ્યું હતું કે, તેમણે મને કહ્યું કે માતા-પિતા કોઈ પણ હોય, તેઓને કદી તેમના બાળકોને આ રીતે જોવું સારું નથી લાગતું. મેં તેને કહ્યું હતું કે હું એક અભિનેત્રી છું અને હું જે પણ પાત્ર ભજવું છું, મારે ૧૦૦ ટકા વાસ્તવિક દેખાવું હોય છે. આ સીન્સ કરવા માટે મેં પણ એવું જ કર્યું છે. હું કંઈ ખોટું નથી કરી રહી. આ મારું કામ છે અને જ્યાં સુધી હું કમ્ફર્ટેબલ અને સેફ હોઉં ત્યાં સુધી મને આવા સીન કરવામાં કોઈ તકલીફ નથી દેખાતી. રણબીર કપૂર અને રશ્મિકા મંદન્ના સ્ટારર ફિલ્મ 'એનિમલ' ૧ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે. આ ફિલ્મમાં રણબીર અને રશ્મિકાની જોડી પહેલીવાર જોવા મળી રહી છે. ફિલ્મમાં બોબી દેઓલ, અનિલ કપૂર અને તૃપ્તિ ડિમરી પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ પિતા અને પુત્રના સંબંધોની આસપાસ ફરે છે. આ ફિલ્મે રિલીઝ થયા બાદ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શનિવારે ફિલ્મનું ડોમેસ્ટિક કલેક્શન ૩૯૮.૫૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. તે જ સમયે, વૈશ્વિક સ્તરે એનિમલ રૂ. ૬૦૦ કરોડનો આંકડો પાર કરી ગયો છે.

## આ વાત વિશે કોઇ પણ ઓફિશિયલ એનાઉસમેન્ટ કરવામાં આવ્યું નથી

# ફેમસ કોમેડિયન ભારતી સિંહ શાહરુખ ખાનની સાથે ફિલ્મ કરશે?



। મુંબઈ, તા.૧૨ ।

ફેમસ કોમેડિયન ભારતી સિંહે પોતાના દમ પર એક અલગ જ ઓળખાણ બનાવી છે. ફેમસ કોમેડિયન ભારતી સિંહ પૂરી દુનિયામાં પોતાની શાનદાર કોમેડી એક્ટિંગથી જાણીતી છે. ભારતી સિંહ અનેક ટીવી શો અને રિયાલિટી શોમાં નજરે પડી છે. ભારતી કોમેડી સિવાય હોસ્ટિંગ અને એક્ટિંગ કરીને પણ પોતાની દુનિયામાં આગવું નામ બનાવી દીધુ છે. ભારતી સિંહનો ફેન વર્ગ બહુ મોટો છે. જો કે ભારતી સિંહે પાપારાઝી સામે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ભારતી સિંહ જલદી શાહરુખ ખાનની ફિલ્મમાં નજરે પડશે. ભારતી સિંહના ફેન શાહરુખની સાથે એને જોવા માટે ખૂબ ખુશ છે. ભારતી સિંહના ફેન શાહરુખની સાથે એને જોવા માટે ખૂબ ખુશ છે, જો કે આ વાત જાણીને ફેન્સ પણ ખૂબ એક્સાઈટેડ છે જો કે આ વાત જાણીને ફેન્સ પણ ખૂબ એક્સાઈટેડ છે. કોમેડિયન ભારતી સિંહને પાપારાઝીએ સ્પોટ કરી. આ દરમિયાન ભારતી સિંહ હંમેશાની જેમ પાપારાઝીની સાથે મસ્તી-મજાક કરતી જોવા મળતી હોય છે.

સોશિયલ મિડીયા પર ભારતીનો આ વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં એ કિંગ ખાનની સાથે વાત કરતી જોવા મળે છે. આ વિડીયોમાં ભારતી સિંહ પાપારાઝી સાથે હસી-મજાક કરીને ખુલાસો કરે છે અને શાહરુખ ખાનની સાથે ફિલ્મ કરશે. શાહરુખ ખાન અને ભારતી સિંહને એક સાથે ફિલ્મમાં જોવા માટે ખૂબ એક્સાઈટેડ છે. જો કે શાહરુખ ખાન અને ભારતી સિંહે અત્યાર સુધીમાં આ વાત વિશે કોઈ ઓફિશિયલ એનાઉસમેન્ટ કર્યુ નથી. વિડીયોમાં આગળ ભારતી સિંહ કહે છે કે ઈન્જેક્શન લગવા કર આઈ ઔર યે લોક ભારતી જી ભારતી જી..ભાઈ મુઝે દર્દ હો રહા હૈ..પછી હસી મજાક કરવા લાગે છે. આમ, બધાની વચ્ચે કહે છે કે અચ્છા મે એક ફિલ્મ કર રહી હૂં શાહરુખ ખાન કે સાથ.. આ પછી તરત પોતાનું મોં છુપાવી લે . ત્યારબાદ વારંવાર પાંડે જીનું નામ લઈને જતી રહે છે. લોકોને હસી-હસીને લોટપોટ કરનાર કોમેડિયન ભારતી સિંહ અનેક રિયાલિટી શો સિવાય ધ કપિલ શર્મા શોમાં નજરે પડી છે. આ શો સિવાય બ્લોગ અને સોશિયલ મિડીયા દ્વારા કનેક્ટેડ રહે છે. ભારતી સિંહે પોતાની કરિયરની શરૂઆત સોની ટીવીના મશહુર શો ઈન્ડિયન લાફટર ચેલેન્જ સાથે કરી હતી.

# બાળ ગોકુલમ સંસ્થાને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક માસનો પગાર દાનમાં આપ્યો

### સંસ્થાના લાભાર્થે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત હર્ષભાઈ સંઘવીએ જિલ્લા પ્રશાસનની કામગીરીને બિરદાવી



। વડોદરા, તા.૧૨ ।

વડોદરા શહેરમાં કાર્યરત બાળ સુધારણા ગૃહ એટલે કે બાળ ગોકુલમના લાભાર્થે સયાજી નગર ગૃહમાં યોજાયેલા સાંગીતિક કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ ભાઇ સંઘવીએ જિલ્લા વહિવટી તંત્રના પ્રયાસોથી પ્રેરાઈ એક માસનો પગાર દાનમાં આપવાની ઉદાત જાહેરાત કરી હતી

નિરાધાર બાળકને નવી દિશા આપી તેમના ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે હાથ ધરાયેલા જિલ્લા વહિવટી તંત્રના સ્તુત્ય પ્રયાસોને બિરદાવતા ગૃહ રાજ્યમંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું કે જિલ્લા પ્રશાસને જે સંકલ્પ હાથમાં લીધો છે, તેને પરિપૂર્ણ કરવા વડોદરા શહેર અને જિલ્લાના નાગરિકોને યથાયોગ્ય યોગદાન આપવા આગળ આવવું જોઇએ.

તેમણે ઉમેર્યું કે વડોદરાનાં ઉદ્યોગકારોએ આવા બાળકોને સહયોગ આપશે તો આ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ થવા સાથે તેમના જીવનમાં ચોકકસ બદલાવ આવશે. બાળ ગોકુલમ ના બાળકોની આંગળી પકડી તેને સમાજમાં પુનઃસ્થાપિત થવામાં મદદ કરવા તેમણે અપીલ કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું કે બાળ ગોકુલમ સંસ્થાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કલેકટર શ્રી અતુલ ગોર તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓના આ પ્રયાસો બિરદાવવા પડે અને સરકારી અધિકારી કેવા સારા કામો કરી શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. તેના કારણે બાળ ગોકુલમના બાળકો ભણી કારકિર્દીનું ઘડતર કરી શકશે.

પ્રારંભમાં વડોદરા જિલ્લા પ્રોબેશન અને આફટર કેર એસોસિયેશનના પ્રમુખ અને જિલ્લા કલેકટર શ્રી અતુલ ગોરે સૌનો આવકાર કરતા જણાવ્યું હતું કે, બાળ ગોકુલમ સંસ્થાને રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે.આ બાળ સુધાર ગૃહમાં અભ્યાસ કરતા બાળકોનું શિક્ષણ ગુણવત્તા સભર બને એટલું જ નહીં સંસ્થામાં તેમને વધુ સુવિધાઓ મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં ઓસમાણ મીરે પોતાના કંઠના કામણ પાથરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાળકૃષ્ણ શુક્લ, મેયર પિંકીબેન સોની, ધારાસભ્યો સર્વશ્રી કેયુરભાઈ રોકડિયા, શૈલેષભાઈ મહેતા, વડોદરા જિલ્લા પ્રોબેશન અને આફટર કેર એસોસિયેશનના ટ્રસ્ટી અને જિલ્લા ન્યાયાધીશ શ્રી ઉત્કર્ષ દેસાઈ, ટ્રસ્ટી અને પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, ઉપ પ્રમુખ શ્રી દિલીપ શાહ, માનદ મંત્રી શ્રી રીકેશ દેસાઈ, શ્રી ચેતન દેસાઈ, અગ્રણી શ્રી વિજય શાહ,ઉચ્ચ અધિકારીઓ,પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુર એસટી ડેપોમાં "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા



। વલસાડ, તા.૧૨ ।

વલસાડ એસ.ટી.વિભાગીય કચેરી અને વિભાગીય વર્કશોપના વડા વિભાગીય નિયામક એન.એસ. પટેલના માર્ગદર્શન અને મધ્યસ્થ કચેરી, અમદાવાદની સુચના મુજબ "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા"ના સંકલ્પ હેઠળ ધરમપુર એસ.ટી.ડેપો ખાતે મુસાફર જનતામા જાગૃતિ ફેલાવવા માટે સર્વોદય પરિવાર સંચાલિત, સર્વોદય વિદ્યાલય,પીંડવળના સહયોગથી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

"શુભ યાત્રા,સ્વચ્છ યાત્રા"ના સંકલ્પ સાથે ધરમપુર ડેપો ખાતે મુસાફર જનતામાં સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાય અને સરકારશ્રી તરફથી હાથ ધરવામાં આવેલા સ્વચ્છતા અભિયાન માટે સર્વોદય પરિવાર સંચાલિત, સર્વોદય વિદ્યાલય, પીંડવળના બાળકો તેમજ શિક્ષકગણ અને એસ.ટી.ડેપોના કર્મચારીઓ, સુપરવાઈઝર સ્ટાફ અને ડેપો મેનેજર સાથે ધરમપુર ડેપો ખાતેથી નગરમાં સ્વચ્છતાના "સ્વસ્છતા લાવો, ગંદકી ભગાવો", "ગંદકીની આદત છોડાવો, સ્વચ્છતાથી જીવન બચાવો", "સ્વસ્છતાને વેલ કમ, ગંદકીને બાય-બાય"," ગંદકીથી જીવન સુકાય, સ્વચ્છતાથી જીવન લહેરાય", "સ્વચ્છતા ઝુંબેશ અપનાવીયે, ગંદકીને જાકારો પરખાવીએ", "ચોખ્ખાઈ છે તો નુર છે, બાકી દુનિયા ધુળ છે" જેવા સ્લોગન અને બેનર હેઠળ રેલી યોજવામાં આવી હતી. ત્યારબાદ સર્વોદય વિદ્યાલયના બાળકો દ્વારા (૧) ડસ્ટબીન માઈમ (૨) પ્લાન્ટેશન માઈમ (૩) વોટર માઈમ અને (૪) મ્યુઝીક વીથ યોગાના થીમ પર નાટક યોજી મુસાફર જનતામાં "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા"નો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વોદય પરિવાર સંચાલિત, સર્વોદય વિદ્યાલય, પીંડવળના ૧૧૩ જેટલા બાળકો અને સર્વોદય વિદ્યાલયના શિક્ષકગણ રણજીતભાઈ બારડ, ઈલાબેન બારડ, ઉત્તમભાઈ માહલા અને નિમુબેન પવારના સહયોગ સાથે અને એસ.ટી. ડેપો ના સ્ટાફ સાથે "શુભ યાત્રા, સ્વસ્છ યાત્રા"નો કાર્યક્રમ સફળ રીતે યોજાયો હતો.

# ઝાલોદ તાલુકાના ખરવાણી ગામે ધારાસભ્ય મહેશ ભૂરિયાને હસ્તે નવીન રસ્તા અને સ્કૂલના નવીન ઓરડાનું ભૂમિપૂજન કરાયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૨ ।



ઝાલોદ તાલુકામાં આવેલ મુખ્ય પ્રાથમિક શાળાના પટાંગણમાં ઝાલોદ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશ ભુરીયાના હસ્તે નવીન ચાર ઓરડાનુ ભૂમિ પૂજન તથા તેમજ ખરવાણી મુખ્ય રોડથી કલાસવા ફળિયા સુધીના રોડનુ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

ઝાલોદ તાલુકામાં આવેલ ખરવાણી મુખ્ય પ્રાથમિક શાળાના પટાંગણમાં આજરોજ નવીન ચાર ઓરડાનું રૂપિયા ૩૪ લાખના ખર્ચે ભૂમિપૂજન અને ૭૪ લાખના ખર્ચે ખરવાણી મુખ્ય રોડથી કલાસવા ફળિયા સુધીના રોડનુ ભૂમિપૂજન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં ઝાલોદ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશ ભુરીયા, જિલ્લા પંચાયત સભ્ય સુનિલ હઠીલા, ડુંગરી તાલુકા પંચાયત ગામના સરપંચ રીના વસૈયા, સ્કુલ મેનેજમેન્ટ કમિટી મેમ્બર્સ ચીમન વસૈયા તાલુકા ઉપપ્રમુખ ભાજપના પ્રભારી મંત્રી શાળાના આચાર્ય ધર્મેન્દ્રસિંહ બારીયા દયારામ મકવાણા, ગ્રામ પંચાયત સભ્યો, શિક્ષક સ્ટાફ, બાળકો આગેવાનો, વડીલો, યુવાનો જનપ્રતિનિધિઓ, નાગરિકો મદયાહન ભોજન યોજના કર્મચારીઓ, એસ.એમ.સી સભ્યો આંગણવાડી બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આવેલ મહેમાનોનુ સ્વાગત આદિવાસી ઢોલના તાલે આદિવાસી નુત્ય આદિવાસી પહેરવેશમાં નાચગાન સાથે તેમજ બાળાઓએ કુંભભરી આવેલ મહાનુભવોને દીપપ્રગટાવીને વધામણા કર્યા હતા અને કંકુ થી તિલક કરી ઉમળકાભેર આવકાર્યા હતા અને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ફતેપુરા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ કટારા શાળા પરિવાર તેમજ ખરવાણી પંચાયતનાં સરપંચ તેમજ ગ્રામજનો આગેવાનો મળીને આદિવાસી પાઘડી ,શાલ ઓઢાડીને તૈમજ ચાંદીનું ભોરીયુ પહેરાવીને તેમજ અન્ય મહેમાનોને પુષ્પ ગુચ્છ થી તેમજ શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આવેલ મહેમાનોનુ પુષ્પ ગુચ્છ સ્વાગત બાદ શબ્દો થી સ્વાગત કરવામાં આવ્યું હતું. નવીન ઓરડાનુ ભૂમિ પૂજન વિધિવત મંત્રોચ્ચાર માટે અનુભવી અભ્યાસી મુનીમ મહંત શ્રી ના હસ્તે વિધિ કરવામાં આવી હતી અને આવેલા મહાનુભાવો દ્વારા શ્રી ફળ વધેરી ભારત માતાના સરસ્વતી માતાની પૂજા અર્ચના તેમજ આરતી પૂજા કરીને જય જય ના નારા લગાવ્યા હતા ઝાલોદ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના હસ્તે નવીન ચાર ઓરડા નુ ભૂમિ પૂજન હસ્તે તેમજ મહેમાનો ના હસ્તે વિધિ વત રીતે કરવામાં આવ્યું હતું

પ્રસંગ ને અનુરૂપ ઝાલોદ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશ ભુરીયા જે હાલમાં વિકાસ થયો છે તેની વિગત અનુસાર ચર્ચા કરવામાં આવી હતી વાલીઓને પોતાના બાળકોના ભણતર પર ધ્યાન આપવા તેમજ શિક્ષકો ને પોતાની કામગીરી સરકારના નક્કી કરીયા ધારાધોરણ અને નિયમોનુસાર ફરજ બજાવવા અનુરોધ કરાયો હતો. ગામને પ્રગતિ પંથે આગળ વધે તેમ શુભેચ્છા પાઠવી હતી. કાયકમનુ સંચાલન દયારામ મકવાણા એ કર્યું હતુ. નવિન ઓરડા અને નવિન રોડનું ભુમિ પૂજનથી બાળકો અને વાલીઓમાં અનેરો ઉત્સાહ આનંદ જોવા મળ્યો. ભૂમિપૂજન સમારોહ કાયકમમાં ઉપસ્થિતિ રહેનાર માટે ચા પાણી અને પૌંઆના નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી નાસ્તા બાદ કાયકમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

# કપરાડા તાલુકાના દાબખલ ગામમાં જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

### ગામનું નામ રોશન કરનાર મહિલા, ખેલાડી, સ્થાનિક કલાકાર અને વિદ્યાર્થીઓનું સન્માન કરાયુ



। કપરાડા, તા.૧૨ ।

કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકોને મળે તેમજ આ યોજનાઓની મહત્તમ જાણકારી મળી રહે તેવા હેતુથી વલસાડ જિલ્લાના ગામોમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ભ્રમણ કરી રહી છે. ત્યારે કપરાડા તાલુકાના દાબખલ ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ગ્રામજનો દ્વારા હરખભેર વધામણાં કરવામાં આવ્યા હતા. બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું હતું. જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને લાભાર્થીઓને સહાય અને કીટનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ લાભાર્થીઓને સહાય વિતરણ કરી અન્ય જે પણ લોકો સરકારી યોજનાના લાભથી વંચિત હોય તો તેઓને પણ માહિતગાર કરી સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા માટે પ્રેરિત કર્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી લાભાર્થીઓને ઘર આંગણે જ સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરવામાં આવી રહ્યા છે. જિલ્લા પંચાયતના આરોગ્ય ખાતા દ્વારા



આયોજિત હેલ્થ કેમ્પમાં ૨૬૫ લોકોએ ટીબી અને ૫૭ લોકોએ સિકલસેલની તપાસ કરાવી હતી. ગામનું નામ રોશન કરનાર મહિલાઓ, વિદ્યાર્થીઓ, ખેલાડીઓ અને સ્થાનિક કલાકારો મળી કુલ ૧૦ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ પણ નિહાળી હતી, સરકારની વિવિધ યોજનાના લાભથી થયેલા ફાયદા અંગે આવાસ યોજના, આઈસીડીએસની પોષણ અભિયાન યોજના, મિશન મંગલમ યોજના, પીએમ કિસાન સમ્માન નિધિ યોજના અને આયુષ્યમાન કાર્ડ યોજનાના લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી જુબાની" હેઠળ સફળ વાર્તા રજૂ કરી હતી.

# વાલિયા તાલુકાના હોલાકોતર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ



। ભરૂચ, તા.૧૨ ।

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના હોલાકોતર ગામે રથ આવી પહોંચતા પરંપરાગત રીતે ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. માજી પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભો અને સહાય અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાનુભવોએ પ્રાસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લોકો માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ત્યારે આ યોજના અને કાર્યક્રમનો ગ્રામજનોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મેરી કહાની મેરી ઝુબાની અંતર્ગત લાભાર્થીઓએ તેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં આરોગ્ય, ખેતીવાડી, આઈસીડીએસ સહિતના વિભાગના સ્ટોલની દર્શન અને વિવિધ યોજનાઓ ની માહિતી અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની જન કલ્યાણકારી યોજનાઓનો લાભ અને જાણકારી લોકોને ઘર આંગણે મળી રહે એ નિર્ધાર સાથે રાજ્યની સાથે સમગ્ર જિલ્લામાં કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જેનો વ્યાપક પ્રતિસાદ પણ મળી રહ્યો છે. આ પ્રસંગે, ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા પંચાયત વાલિયાના માજી પ્રમુખશ્રી, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદ જિલ્લામાં પલ્સ પોલિયો કાર્યક્રમ

# પેટલાદના સંજાયા ખાતે યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સાંસદ મિતેશભાઇ પટેલે બાળકોને પોલીયો રસીના બે ટીપા પીવડાવ્યા



। આણંદ, તા.૧૨ ।

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ આવતા આણંદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પેટલાદ તાલુકાના સંજાયા અને ધર્મજ ખાતે સઘન પલ્સ પોલિયો કાર્યક્રમ યોજાયો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અંતર્ગત સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ તથા પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખશ્રી સોનલબેનના હસ્તે સંજાયા ખાતે અને ડબ્લ્યુએચઓ ડાયરેક્ટરશ્રી, આણંદ જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ પટેલના હસ્તે ધર્મજ હેલ્થ વેલનેસ સેન્ટર ખાતે ૦ થી ૫ વર્ષની વયના બાળકોને પોલિયો રસીના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતાં.

સઘન પલ્સ પોલીયોના ત્રિ-દિવસીય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા આશાબહેનો/આંગણવાડી બહેનો ત્રણ દિવસ સુધી પોલિયો રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત પ્રથમ દિવસે બુથ કામગીરી કરવામાં આવી હતી જ્યારે બીજા દિવસે બુથ દીઠ બે ટીમ બનાવીને ઘરે-ઘરે ફરીને પોલિયોની રસીથી વંચીત રહ્યા હોય તેવા તમામ બાળકોને પણ પોલિયો રસીના ટીપાં પીવડાવવામાં આવ્યાં હતાં.

આણંદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.દીપક પરમારના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના આરોગ્યના શાખાના આરસીએચઓશ્રી, તાલુકા પંચાયત પેટલાદના સભ્યો જીગ્નેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ગુણવંત ઈસરવાડિયાના, સુપરવાઈઝર લલીતભાઈ ક્રિશ્ચીયન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ, આશાબહેનો, આંગણવાડી બહેનો તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચારશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેનની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. તમારા ધ્યેયો સાધવા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવામાં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે.

## પ્રવાસીઓ માટે ઓસ્ટ્રેલિયા બનાવી રહ્યું છે નવા નિયમો

। નવી દિલ્હી, તા.૧૨ ।

બ્રિટન અને કેનેડા બાદ હવે ઓસ્ટ્રેલિયાએ પણ પોતાના વિઝા નિયમો કડક બનાવ્યા છે. હવે આ ત્રણેય દેશોના વિઝા મેળવવામાં ભારતીયોને મુશ્કેલી પડી શકે છે. ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને કુશળ શ્રમિકો માટેના વિઝાના નિયમો કડક કરવાની જાહેરાત કરી હતી. ઓસ્ટ્રેલિયાએ આગામી બે વર્ષમાં પ્રવાસીઓની સંખ્યા અડધી કરવાના લક્ષ્યાંકના ભાગરૂપે આ નિર્ણય લીધો હતો. નવા નિયમોમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અંગ્રેજી પરીક્ષામાં ઉચ્ચ રેટિંગ મેળવવાની જરૂર પડશે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં લાંબા સમય સુધી રહેવા ઈચ્છે તો તેમના બીજી વખતના વિઝામાં ઊંડાણપૂર્વકની તપાસ કરાશે. ઓસ્ટ્રેલિયન સરકારે કહ્યું કે દેશના ભવિષ્ય માટે તેમજ દેશમાં વધતી જતી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો કરવાની અમારી રણનીતિ છે. ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૨-૨૦૨૩માં ઈમિગ્રેશનોની સંખ્યા રેકોર્ડ ૫.૧૦ લાખ નોંધાયા બાદ આ નિર્ણય લીધો છે. ૨૦૨૨-૨૩માં ઈમિગ્રેશનોની સંખ્યામાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ નોંધાયા હતા. બ્રિટન બાદ ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ ભારતીય મૂળના લોકો રહે છે. ઓસ્ટ્રેલિયા માઈગ્રેશન માટે નવા નિયમો બનાવશે. આ અંતર્ગત ઓસ્ટ્રેલિયા જવા માટે અરજી કરનારા વિદ્યાર્થીઓની અંગ્રેજી ભાષામાં નિપુણતાના ટેસ્ટનો સમાવેશ કરવામાં આવશે. આ બાબતથી પરિચિત લોકોએ સોમવારે (૧૧ ડિસેમ્બર) જણાવ્યું હતું કે ભારતીય વિદ્યાર્થીઓ અથવા વ્યાવસાયિકો પર તેની કોઈ પ્રતિકૂળ અસર થવાની અપેક્ષા નથી. નામ ન છાપવાની શરતે તેમણે કહ્યું કે આ સુધારાથી ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ પૂરો કર્યા પછી ઓસ્ટ્રેલિયામાં અસ્થાયી રૂપે રહેવા, અભ્યાસ કરવા અને કામ કરવાની તકો બદલાશે નહીં. તેમણે કહ્યું કે આ સુધારાઓથી અર્ધ-કુશળ કામદારો માટે એક નવો રસ્તો ખોલવાની પણ અપેક્ષા છે. ભારતીય નાગરિકોને તેનો લાભ મળશે. ઓસ્ટ્રેલિયન સરકારે સોમવારે માઈગ્રેશન સ્ટ્રેટેજી જાહેર કરી હતી. આના દ્વારા વર્તમાન પ્રણાલીમાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે, જેથી દેશની ભવિષ્યની જરૂરિયાતોને પૂરી કરી શકાય. આ સુધારાનો હેતુ સ્કિલ માઈગ્રેશન અને પ્રતિભાશાળી લોકોને મેનેજ કરવાનો છે. ઓસ્ટ્રેલિયન સરકારે કહ્યું કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા પર કોઈ મર્યાદા રહેશે નહીં. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવશે કે વિદ્યાર્થીઓ એવા અભ્યાસક્રમો માટે રજીસ્ટ્રેશન કરાવીને લાંબા સમય સુધી ઓસ્ટ્રેલિયામાં રહેવાનો પ્રયાસ ન કરે જે તેમને કોઈ કામના નથી. લોકોએ

### આ પહેલા ૨૦૨૨માં ૯૩,૮૧૮ અને ૨૦૨૧માં ૮૫,૯૨૭ લોકો કેનેડા છોડી ચૂક્યા છે

# વર્ષ ૨૦૨૩ના ૬ મહિનાની અંદર ૪૨,૦૦૦ લોકોએ કેનેડા છોડ્યું

**મૂળ કેનેડિયનમાં યુવાનોની સંખ્યા ઓછી છે ત્યારે વિદ્યાર્થી તરીકે જે યુવાનો ત્યાં જઈ રહ્યા છે તે કેનેડા માટે સોનાની જાળ સાબિત થઈ રહ્યા છે કારણ કે તેઓ કેનેડાને મેન પાવર પૂરો પાડી રહ્યા છે**

। ટોરેન્ટો, તા.૧૨ ।

સારી સુવિધાઓની સાથે આર્થિક રીતે વધારે સુખી થવાશે તેવા સપના સાથે મોટાભાગના યુવાનો કેનેડા જવાનું પસંદ તો કરી રહ્યા છે પરંતુ ત્યાં પહોંચ્યા પછી તેમને કડવી હકીકત માલુમ પડી રહી છે. કેનેડા છોડીને તાજેતરમાં ગુજરાત પાછા આવેલા ૨૪ વર્ષના યુવકે પણ પોતાની ત્યાં ગયા પછીની નોકરીની અછત અને બજેટ સંભાળવાની પોતાની વ્યથા વર્ણવીને કેનેડા છોડવાનું કારણ જણાવ્યું હતું.

કેનેડાની જસ્ટિન ટ્રુડોની સરકારના નિર્ણયો, આર્થિક નીતિ વગેરે માત્ર ઈમિગ્રન્ટ્સને જ નહીં પરંતુ ત્યાના નાગરીકોને પણ ખટકી રહી છે. જે યુવાનો કેનેડા માટે ધન છે તેઓ જ દેશ છોડી રહ્યા હોવાના બનાવો તે દેશ માટે પણ ચિંતાનું કારણ બની શકે છે. એક વ્યક્તિએ જણાવ્યું છે કે, “મને એક જ મહિનાની અંદર કેનેડા શું છે તે સમજાઈ ગયું હતું, યોગ્ય



નોકરી મેળવવા માટે મેં ૧ મહિના સુધી સંઘર્ષ કર્યો હતો. મને લાગતું હતું કે મારું જે એજ્યુકેશનલ બેગ્રાઉન્ડ છે તેના આધારે સારી નોકરી મળે જશે અને જેની મદદથી હું ત્યાં રહેવાનો અને મારો ભણવાનો ખર્ચ કાઢી શકીશ. પરંતુ જેમને ૨૦ કલાક કરતા વધુ કામ કરવાની તક મળી રહી હતી તેવા પરમિટ ધરાવતા લોકોના ધસારાના કારણે બધું સંભાળવું મુશ્કેલ બન્યું હતું.” પરિવાર દ્વારા રાજેશનો કેનેડા પહોંચવાનો ખર્ચ ઉપાડવામાં આવ્યો હતો પરંતુ તે પછી ત્યાનો ખર્ચ કાઢવો ઘણો જ મુશ્કેલ બન્યો હતો. રાજેશ કહે છે કે, લોકો ભણવા જવા માટે કેનેડા જવાની વાત પર ત્યાંના ઝગમગાટની વાતો કરે છે પરંતુ ત્યાં ગયા પછી કેવો કષ્ટ પડે છે તેની ચર્ચા કોઈ કરતું નથી. જે આંકડા સામે આવી રહ્યા છે તેમાં જણાવવામાં આવી રહ્યું છે કે હજારોની સંખ્યામાં પાછલા અઢી વર્ષમાં લોકો કેનેડા છોડી રહ્યા છે. જેમાં વર્ષ ૨૦૨૩ના ૬ મહિનાની અંદર ૪૨,૦૦૦ લોકોએ કેનેડા છોડ્યું છે. આ પહેલા ૨૦૨૨માં ૯૩,૮૧૮ અને ૨૦૨૧માં ૮૫,૯૨૭ લોકો કેનેડા છોડી ચૂક્યા છે. ૨ દાયકા પછી ૨૦૧૯માં કેનેડા છોડનારાઓનો આંકડો સૌથી ઉપર પહોંચ્યો હતો, જે આંકડા ઈમિગ્રેશન એડ્વોકસી ગ્રુપ ICC (ઈન્સ્ટિટ્યુટ ઓફ કેનેડિયન સિટિઝનશિપ) દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, લોકડાઉન દરમિયાન આ આંકડો નીચો આવ્યો હતો. પરંતુ ફરી એકવાર કેનેડા છોડનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

### ઉદ્ધવ શિવસેનાના નેતા ફરી મુશ્કેલીમાં મુકાયા

# મોદી વિરૂદ્ધ સામનામાં લેખ બદલ સંજય રાઉત સામે એફઆઈઆર

**ભાજપના યવતમાલ સંયોજક નીતિન ભૂતડાની ફરિયાદના આધારે આ લેખ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો**

। મુંબઈ, તા.૧૨ ।

શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતની મુશ્કેલીમાં ફસાયા છે. યુબીટીમુખપત્ર સામનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ લખેલા તેમના લેખે તેમને મુશ્કેલીમાં મુકી દીધા છે, તેમની વિરુદ્ધ યવતમાલ જિલ્લાના ઉમરખેડ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆરનોંધવામાં આવી છે. યુબીટીમુખપત્ર સામનામાં ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ એક લેખ લખવામાં આવ્યો હતો. ભાજપના યવતમાલ સંયોજક નીતિન ભૂતડાની ફરિયાદના આધારે આ લેખ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. ભૂતડાનો આરોપ છે કે આ લેખમાં પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રવિવારના રોજ કોંગ્રેસને ચેતવણી આપી હતી કે જો ગાંધી પરિવારના નજીકના લોકો પીએમ મોદીને અનુકૂળ રાજનીતિ કરવાની ચાલુ રાખશે તો દેશની સૌથી જૂની પાર્ટીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. પાર્ટીના મુખપત્ર સામનામાં પ્રકાશિત તેમની સાપ્તાહિક કોલમ રોકથોકમાં રાઉતે



ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ) અંગે ચિંતા વ્યક્ત કરવા હાકલ કરી હતી. સંજય રાઉતે દાવો કર્યો હતો કે મધ્યપ્રદેશમાં જયારે મતપત્રની ગણતરી થઈ રહી હતી ત્યારે કોંગ્રેસ ૧૯૯ સીટો પર આગળ હતી પરંતુ ઈવીએમથી ગણતરી શરુ થતા જ પરિસ્થિતિઓ બદલાઈ ગઈ હતી. મધ્યપ્રદેશમાં કોંગ્રેસના અધ્યક્ષ કમલનાથનો ઉલ્લેખ કરતા સંજય રાઉતે કહ્યું, ’જો ગાંધી પરિવારની આસપાસના લોકો મોદી અને શાહ માટે અનુકૂળ રાજનીતિ કરશે, તો ૨૦૨૪માં વધુ જોખમ રહેશે.’ કમલનાથે મધ્યપ્રદેશમાં વિધાનસભા ચુંટણી દરમિયાન કોંગ્રેસના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું. તેમણે કહ્યું કે મોદીનો જાદુ ત્રણ રાજ્યોમાં કામ કરી ગયો પરંતુ તેલંગાણામાં તે કામ ન કરી શક્યો.

### પાકિસ્તાનની યુવતીની બહાદૂરીએ રંગ રાખ્યો

# ઘર છોડીને ભાગેલી પાકિસ્તાની યુવતી યુએસના એરફોર્સમાં

**હામનાના પરિવારજનોએ ૧૯ વર્ષની ઉંમરમાં તેના નિકાહ તેના પિતરાઈ સાથે કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે પોતાના પરિવારજનોના નિર્ણયની આગળ ઝૂકી નહીં**

। ઈસ્લામાબાદ, તા.૧૨ ।

પાકિસ્તાની મૂળની હામના જફર હાલ અમેરિકી એરફોર્સમાં સિક્યોરિટી ડફેન્ડર પદ પર તૈનાત છે. આ હોદ્દા સુધી પહોંચવુ ઝફર માટે સરળ નહોતુ. ચાર વર્ષ પહેલા હામનાના પરિવારજનો હામનાને પાકિસ્તાન લઈને ગયા અને દગાથી તેના નિકાહ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હામનાએ પરિવાર જ છોડી દીધો.

હામના ઝફરની આ કહાની પારિવારિક અને સાંસ્કૃતિક દબાણ વચ્ચે એક વ્યક્તિગત સપનાની ઉડાનની કહાની છે, જે ઘણી વખત બંધનોમાં બંધાઈને શ્વાસ તોડી દે છે. રિપોર્ટ અનુસાર હામનાના પરિવારજનોએ ૧૯ વર્ષની ઉંમરમાં તેના નિકાહ તેના પિતરાઈ સાથે કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે પોતાના પરિવારજનોના નિર્ણયની આગળ ઝૂકી નહીં. પોતાના સપનાને સાકાર કરવા માટે તેણે પરિવાર જ છોડી દીધો. અમેરિકાના મેરીલેન્ડમાં જન્મેલી હામના ઝફર હંમેશા પોતાના પેરેન્ટ્સની વાત માનતી હતી. ચાર વર્ષ પહેલા એટલે કે ૨૦૧૯માં પારિવારિક યાત્રા દરમિયાન તે પોતાના પેરેન્ટ્સ સાથે પાકિસ્તાન આવી હતી પરંતુ બાદમાં તેને જાણ થઈ કે ત્યાં તેના નિકાહની તૈયારી ચાલી રહી છે પરંતુ હામના પોતાના સપના પૂરા કરવા માંગતી હતી. હામનાએ જણાવ્યુ કે મારી સગાઈ મારા જ પિતરાઈ સાથે નક્કી કરવામાં આવી. બધા ખૂબ ખુશ હતા પરંતુ હુ તકલીફમાં હતી. જે શખ્સ સાથે મારી સગાઈ કરવામાં આવી, તેની સાથે કદાચ જ મારી વાત થઈ હતી. થોડા દિવસ બાદ અમે અમેરિકા આવ્યા. મે મારી માતાને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો જ્યારે તેમને ખબર પડી કે હું તો અમેરિકી સેનામાં જવાનુ સપનુ જોઈ રહી છુ, તો તે નારાજ થઈ ગયા. મજબૂરી એ હતી કે હુ તેમના પર જ નિર્ભર હતી, હામના કંઈક કરે તે પહેલા જ કોવિડનો સમય શરૂ થઈ ગયો. ઝફર કહે છે કે તે થકવી દેનારો સમય હતો.

### જમ્મુ-કાશ્મીર અંગેના બિલ રાજ્યસભામાંથી પણ પસાર

# જમ્મુ-કાશ્મીર વિધાનસભાની બેઠકોમાં વધારો થશે

**એક બિલ જમ્મુ-કાશ્મીર રિઝર્વેશન (અમેંડમેન્ટ) બિલ છે, જે વંચિત અને ઓબીસીવર્ગ માટે અનામતની જોગવાઈ કરે છે**

। નવી દિલ્હી, તા.૧૨ ।

જમ્મુ અને કાશ્મીર સાથે સંબંધિત બે બિલ પહેલા લોકસભામાંથી અને ત્યારબાદ સોમવારે રાજ્યસભામાંથી પણ પાસ થયા છે. ત્યારબાદ હવે રાષ્ટપતિની મંજુરી બાદ કાયદો પણ બની જશે. અમિત શાહે સોમવારે આ બિલ રાજ્યસભામાં રજુ કરતા કહ્યું હતું કે, આ બિલના કારણે નવા અને વિકસિત કાશ્મીરની શરૂઆત થશે, જે આતંકવાદથી આઝાદ હશે. તેમજ ૭૫ વર્ષોથી પોતાના અધિકારોથી વંચિત લોકોને ન્યાય મળશે.

બંને બિલ પૈકી એક બિલ જમ્મુ-કાશ્મીર રિઝર્વેશન (અમેંડમેન્ટ) બિલ છે, જે વંચિત અને ઓબીસીવર્ગ માટે અનામતની જોગવાઈ કરે છે. જયારે બીજું બિલ જમ્મુ-કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન (અમેંડમેન્ટ) બિલ છે, જે વિધાનસભામાં કાશ્મીરી પ્રવાસીઓ અને પીઓકેમાંથી વિસ્થાપિત થયેલા લોકો માટે બેઠકો અનામત રાખવા અને વંચિત વર્ગોને અનામત આપવાની જોગવાઈ છે. આ બિલ એસસી-એસટીઅને ઓબીસીવર્ગ માટે સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની જોગવાઈ કરે છે. બિલમાં સામાજિક અને આર્થિક રૂપે પછાતની વ્યાખ્યા કરતા કહેવામાં આવ્યું છે કે, એલઓસીની નજીક આવતા ગામ અને આંતરરાષ્ટ્રીય સીમાની પાસે હોય તેવા ગામોને સરકારે પછાત જાહેર કર્યા છે.

આ બિલ જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં સીટ વધારવાની જોગવાઈ કરે છે. લદ્દાખ અલગ થવાથી જમ્મુ-કાશ્મીરમાં ૮૩ સીટ બચી હતી. જયારે હવે આ બિલ પાસ થતા ૯૦ સીટ થશે. જમ્મુમાં ૬ અને કાશ્મીરમાં ૧ સીટ વધશે, એટલે કે જમ્મુ ક્ષેત્રમાં ૪૩ અને કાશ્મીર ક્ષેત્રમાં ૪૭ સીટ થઈ જશે. તેમજ આ કુલ ૯૦ સીટ ઉપરાંત ૨ સીટ કાશ્મીરી પ્રવાસીઓ અને ૧ સીટ પીઓકેમાંથી વિસ્થાપિત થયેલા લોકો માટે અનામત રાખવામાં આવશે. કાશ્મીરી પ્રવાસી માટે ૨ માંથી ૧ સીટ મહિલાઓ માટે અનામત હશે. જેને ઉપરાજ્યપાલ દ્વારા નામાંકિત કરવામાં આવશે. બિલમાં પ્રવાસી કાશ્મીરીની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, ૧ નવેમ્બર ૧૯૮૯ પછી ઘાટી કે જમ્મુ-કાશ્મીરના કોઈપણ ભાગથી સ્થળાંતર કર્યું હોય અને તેમનું નામ રીલીફ કમીશનમાં રજીસ્ટર હોય. આ ઉપરાંત અનુસૂચિત જાતિ (એસસી)અને અનુસુચિત જનજાતિ (એસટી) માટે ૧૬ સીટ અનામત રાખી છે. જેમાંથી એસસીમાટે ૭ અને એસટીમાટે ૯ સીટ ફાળવવામાં આવી છે. પહેલાની જેમ જ પીઓકેમાટે ૨૪ સીટ હશે. જ્યાં ચુંટણી કરાવી શકાશે નહિ. જેથી હવે કુલ ૧૧૭ સીટ થઈ જશે.

જમ્મુ ક્ષેત્રમાં સાંબા, કઠુઆ, રાજૌરી, કિશ્તવાડ, ડોડા અને ઉધમપુરમાં એક-એક સીટ વધારવામાં આવી છે. જમ્મુના સાંબામાં રામગઢ, કઠુઆમાં જસરોટા, રાજૌરીમાં થન્નામંડી, કિશ્તવાડમાં પેડર-નાગસેની, ડોડામાં ડોડા પશ્ચિમ અને ઉધમપુરમાં રામનગર નવા ઉમેરવામાં આવ્યા છે. કાશ્મીર પ્રદેશમાં કુપવાડા જિલ્લામાં એક સીટ વધારવામાં આવી છે. કાશ્મીર ક્ષેત્રમાં કુપવાડા જિલ્લામાં એક સીટનો વધારો કરવામાં આવ્યો છે. કુપવાડામાં ત્રેહગામ નવી સીટ હશે. હવે કુપવાડામાં ૫ને બદલે ૬ સીટ થશે. ૨૦૧૪માં જમ્મુ-કાશ્મીરમાં ચુંટણી યોજાઈ હતી. જેમાં ૮૭ સીટમાંથી પીડીપીએ ૨૮, ભાજપએ ૨૫, નેશનલ કોન્ફેંસે ૧૫ અને કોંગ્રેસે ૧૨ સીટ જીતી હતી.

**વિશેષ** | ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઇનના અધ્યક્ષ સ્થાને ડાંગ સ્વરાજ આશ્રમમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો

# ગુજરાત સરકારના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક વિભાગ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા અંગે જાગૃતતા કાર્યક્રમ યોજાયો

ગુજરાત સરકારના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ ના અનુસંધાને, વિભાગની વિવિધ યોજનાઓ સંદર્ભે આદિજાતિ વિસ્તારોમાં વિશેષ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કાર્યક્રમના ભાગરૂપે જાહેર વિતરણ વ્યવસ્થા અંગે વિગતવાર માહિતી આપવા સાથે યોજનાકીય પ્રચાર પ્રસાર અર્થે આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ આહવા ખાતે પણ એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીને લીધે ઉદભવેલ પરિસ્થિતિને કારણે સમગ્ર દેશમાં કોઈ પણ વ્યક્તિને ભૂખ્યુ ન રહેવુ પડે, અને જરૂરિયાતમંદને પૂરતુ ભોજન મળી રહે, તે માટે સંવેદનશીલ પ્રધાનમંત્રીશ્રી દ્વારા “રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા -૨૦૧૩” (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશની ૮૦ કરોડથી વધુ જનસંખ્યાને વિનામૂલ્યે અનાજ પૂરૂ પાડવા “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” (PMGKAY) ને એપ્રિલ – ૨૦૨૦ માં જાહેર કરવામાં આવી છે, જે સમગ્ર વિશ્વની સૌથી મોટી ખાદ્ય સુરક્ષા યોજના છે, તેમ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈને આ પ્રસંગે જણાવ્યુ હતુ.

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” (PMGKAY) હેઠળ વર્ષ ૨૦૨૦–૨૧, ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨–૨૩ દરમ્યાન જુદા જુદા ૭ તબક્કામાં કુલ ૨૮ માસ સુધી રાજ્યના “રાષ્ટ્રીય





અન્ન સલામતિ કાયદા” (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૭૨ લાખ કુટુંબોની ૩.૫૨ કરોડ જનસંખ્યા એટલે કે, ૫૦% થી વધુ વસ્તીને દર માસે ઘઉં, અને ચોખાના રાહતદરના નિયમિત વિતરણ ઉપરાંત પ્રતિ વ્યક્તિ ૫ કિ.ગ્રા. અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ છે. એપ્રિલ–૨૦૨૦ થી ડીસેમ્બર–૨૦૨૨ દરમિયાન ૨૮ માસમાં કુલ ૨૫ લાખ મે.ટનથી વધુ ઘઉં તથા ૨૧ લાખ મે.ટનથી વધુ ચોખા મળી કુલ ૪૬ લાખ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે, જેની બજાર કિમંત મુજબ રૂ. ૧૨,૪૨૦ કરોડ જેટલો ખર્ચ ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા વહન કરાયેલ છે તેમ જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ વધુમા ઉમેર્યુ હતુ.

કોવીડ સમયગાળો પૂર્ણ થાય બાદ પણ દેશના રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩” (N.F.S.A) હેઠળના લાભાર્થીઓની અન્ન સુરક્ષા સુનિશ્ચિત થાય તે માટે ભારત સરકાર દ્વારા “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”ને ચાલુ વર્ષના જાન્યુઆરી–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ સુધી એટલે કે, વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવેલ છે, જેમાં N.F.S.A હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય કુટુંબોને પ્રતિ કુટુંબ ૩૫ કિ.ગ્રા અનાજ તથા ૬૪ લાખ જેટલા અગ્રતા ધરાવતા કુટુંબોને (PHH) પ્રતિ વ્યકતિ ૫ કિ.ગ્રા. લેખે મળી કુલ ૭૨ લાખ કુટુંબોની ૩.૫૦ કરોડ કરતાં પણ વધુ જનસંખ્યાને અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહેલ છે, તેમ આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરીએ તેમના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યુ હતુ. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ-ગાંધીનગરના મદદનીશ નિયામકશ્રી ડો. કીર્તિ પરમારે વિભાગ દ્વારા લાગુ કરવામા આવેલ તમામ યોજનાકીય માહિતી આપી હતી. સાથે જ રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતી પ્રક્રીયાની સમજણ લોકોને પ્રેઝનટેશન મારફત પુરી પાડી હતી.

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” વિશેની જાણકારી, તેમજ “માય રેશન મોબાઈલ એપ્લિકેશન” અંતર્ગત નાગરિકોને રેશનકાર્ડ અંગે મળતી ઓનલાઇન સેવાઓ, ફોર્ટિફાઈડ ચોખા વિશેની માહિતી, તેના ફાયદાઓ, ડબલ ફોર્ટીફાઈડ મીઠાં વિશેની માહિતી, તેમજ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ–૨૦૧૩ ની કલમ–૨૯ અન્વયે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાની પારદર્શિતા અને યોગ્ય કામગીરી માટે દરેક રાજય સરકારે તકેદારી સમિતિની રચના કરવા ઠરાવવામાં આવેલ છે તે અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ, આહવા તાલુકા સદસ્ય શ્રી રતીલાલભાઈ મહાલા, જિતેન્દ્રભાઈ પવાર, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી જી.કે.મકવાણા, આહવા મામલતદાર શ્રી બી.આર. ચાવડા, વઘઇ મામલતદાર શ્રી આર.બી.ચૌધરી સહિત ડાંગ જિલ્લા સસ્તા અનાજના સંચાલકો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### પશુઓના મોત નહીં ચલાવી લેવાય : ગુજરાત હાઇકોર્ટ

। અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યમાં એક તરફ રખડતા પશુને પકડવાની કામગીરી હજુ શરૂ છે. બાદમાં રખડતા પશુઓને ઢોરવાડામાં લઈ જવામાં આવી રહ્યાં છે. ત્યારે એવામાં તંત્રના ઢોરવાડામાં જ પશુઓના મોત થયાની ઘટના સામે આવતા ગુજરાત હાઈકોર્ટે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લીધી છે. રાજ્યમાં નડિયાદ તેમજ અમદાવાદના ઢોરવાડામાં પશુઓના મોત થઈ રહ્યાં હોવાનું સામે આવ્યું છે. જેને લઈને પશુપાલકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. વાત કરીએ જો અમદાવાદની તો અમદાવાદના દાણીલીમડા ઢોરવાડામાં જ કેટલાંક પશુઓના મોત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ મુદ્દે માલધારી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. માલધારીઓ તાજેતરમાં જ અચોક્કસ મુદતના ધરણા પર ઉતર્યા હતા. જેમાં કોંગ્રેસ પણ જોડાઈ હતી.

### ભરૂચમાં એકવર્ષમાં ત્રીજીવાર નગરપાલિકાનું વીજ જોડાણ કપાયું

। ભરૂચ, તા.૧૨ ।

છેલ્લાં એક વર્ષમાં ભરૂચની નગરપાલિકામાં ત્રીજી વખત વીજ જોડાણ કપ ાયું છે. વીજબિલના બાકી નાણાં ભરપાઈ કરી ન શકનાર ભરૂચ નગરપાલિકાના લાઈટ કનેક્શન કટ કરી નખાયું છે. વિપક્ષને પણ આ બાબતે મોકો છોડવાના મૂડમાં નથી. વિપક્ષે આ બાબતને ખોખલા વહીવટનું પરિણામ ગણાવ્યું છે. ભરૂચમાં ૨૦૦૦ થી વધુ સ્ટ્રીટ લાઈટ બંધ હોવાનો આક્ષેપ કરાયો છે. પાલિકા પ્રમુખ આ સમસ્યા જુના બાકી બિલના કારણે થઈ હોવાનો બચાવ કરે છે તો મુખ્ય અધિકારીએ સરકારી યોજના હેઠળ ટૂંક સમયમાં તમામ બાકી લેના ભરપાઈ કરી દેવાની ખાતરી આપી છે.

**રાજ્યમાં ઠંડી વધતા આ જિલ્લાના વિદ્યાર્થીઓને રાહત**

# ઠંડીના લીધે શાળાના સમયમાં ફેરફાર કરવા આદેશ આપ્યો

### હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ વરસાદની કોઈ જ સંભાવના નથી

। અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યમાં ધીરે ધીરે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. હજુ પણ આવનારા દિવસોમાં ઠંડીમાં વધારો થવાનો અંદાજ છે. કચ્છ જિલ્લામાં પણ દિવસે ને દિવસે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણાધિકારીએ વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. કચ્છ જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાના સમયમાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો હતો. જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને સરકારી તેમજ ખાનગી શાળાના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો હતો. જિલ્લાની તમામ શાળા ૩૦ મિનિટ મોડી શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ફક્ત સવારની પાળી માટે લેવામાં આવ્યો છે. બપોરની પાળીમાં તો રાબેતામુજબ વિદ્યાર્થીઓએ શાળાએ આવવાનું રહેશે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારમાં હિમવર્ષાને લઈ રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. રાજ્યના ૨૨ શહેરોમાં તપમાનનો પારો ૨૦ ડીગ્રીથી નીચે નોંધાયો છે. કચ્છના નલિયામાં તાપમાન ૯ ડિગ્રીએ પહોંચતા લોકોએ તાપણા અને ગરમ વસ્ત્રોનો સહારો લીધો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સાત દિવસ વરસાદની કોઈ જ સંભાવના નથી. રાજકોટ અને પોરબંદરમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય. ત્રણ દિવસ બાદ ૨ થી ૩ ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે. ઠંડા



પવનોના કારણે દિવસે પણ ઠંડી અનુભવાઈ રહી છે. રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. રવિવારે ૧૫ શહેરોમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું હતું. જેમાં નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૯ ડિગ્રી તાપ માન નોંધાયું તો અમદાવાદમાં ૧૭ ડિગ્રી તાપ માન રહ્યું હતું. હવામાન વિભાગે આગાહી કરી હતી કે આગામી ૭ દિવસ ગુજરાતમાં કમોસમી વરસાદની કોઈ શક્યતા નથી. જો કે, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી છે આગાહી કરી હતી કે ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે. અંબાલાલ પટેલના મતે અરબ સાગરમાં વાવાઝોડું ઉદભવશે. જોકે આ વાવાઝોડુ ઓમાન તરફ ફંટાઈ જશે. પરંતુ ૧૪ થી ૨૦ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં માવઠું પડશે. દેશભરમાં વધી રહેલી ઠંડી બાદ હવામાનનો મિજાજ બદલાવા લાગ્યો છે. ઘણા રાજ્યોમાં ગાઢ ધુમ્મસ જોવા મળી રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીમાં વધારો થયો છે, જ્યારે દક્ષિણમાં વરસાદ ચાલુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તમિલનાડુ, કેરળ અને લક્ષદ્વીપ, કર્ણાટકમાં વરસાદની સંભાવના છે.

**ડાયમંડ કંપનીમાંથી છટણી બાદ કામદારો રઝળી પડ્યાનો આક્ષેપ**

# સુરતમાં શ્રમ વિભાગ કચેરી ખાતે રત્નકલાકારોના ધરણા

### ડાયમંડ ઉદ્યોગ અગાઉ મોટી મંદીમાંથી પસાર થઈ ચૂક્યો છે અને હાલ પણ મંદીનો સામનો કરી રહ્યો છે ત્યારે ડાયમંડ ઉદ્યોગ અને કંપનીઓ દ્વારા અગાઉ રત્ન કલાકારોને છૂટા કરવામાં આવ્યા

। સુરત, તા.૧૨ ।

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી જે બી બ્રધર્સ હીરા કંપનીના પૂર્વક રચના કલાકારો દ્વારા આજે શ્રમ વિભાગની કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી વિરોધ કરવામાં આવ્યો હતો. હીરા ઉદ્યોગની મંદીને લઈ કંપનીએ એક વર્ષ પહેલા ૨૭૦ થી વધુ કર્મચારીઓને અચાનક છુટા કરી દીધા હતા.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી જે બી બ્રધર્સ હીરા કંપનીના પૂર્વક રચના કલાકારો દ્વારા આજે શ્રમ વિભાગની કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી વિરોધ કરવામાં આવ્યો હતો. હીરા ઉદ્યોગની મંદીને લઈ કંપનીએ એક વર્ષ પહેલા ૨૭૦ થી વધુ કર્મચારીઓને અચાનક છુટા કરી દીધા હતા. આ કર્મચારીઓએ આક્ષેપ કર્યા છે કે પોતાના હકના કંપની પાસેથી લેવાના થતા ગ્રેજ્યુએટીના રૂપિયા મળ્યા નથી જે તાત્કાલિક ધોરણે મળી રહે તે માટેની માંગ કરી રહ્યા છે.જેને લઈ પૂર્વ કર્મચારીઓએ અહિંસક આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.

સુરતમાં ડાયમંડ ઉદ્યોગ અગાઉ મોટી મંદીમાંથી પસાર થઈ ચૂક્યો છે અને હાલ પણ મંદીનો સામનો કરી રહ્યો છે. ત્યારે ડાયમંડ ઉદ્યોગ અને કંપનીઓ દ્વારા અગાઉ રત્ન કલાકારોને છૂટા કરવામાં આવ્યા હોવાની સ્થિતિ સામે આવી હતી. આ જ રીતે એકાદ વર્ષ પહેલા વરાછા વિસ્તારમાં આવેલ જેવી બ્રધર્સ હીરા કંપની દ્વારા મંદીને લઈ તેમની કંપનીમાં કામ કરતા ૨૭૦ જેટલા રત્ન કલાકારોને અચાનક અંદાજે એક વર્ષ અગાઉ છુટા કરી દીધા હતા. ત્યારે છુટા કરાયેલા આ તમામ કર્મચારીઓ અને કંપની દ્વારા આપવામાં આવતા ગ્રેજ્યુટી સહિતના લાભ ની રકમ ચૂકવવામાં ન આવી હોવાના આક્ષેપ કરાઈ રહ્યા છે. જેને લઈ આ કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.



જેબી બ્રધર્સ ડાયમંડ કંપની દ્વારા તેમની કંપનીમાં કામ કરતા વર્ષો જૂના કર્મચારીઓને એકાએક છુટા કરી દેવાનો નિર્ણય કરાયો હતો. કંપનીમાં ૧૦ ૧૫ ૨૦ અને ૨૫ વર્ષથી પણ વધુ સમયથી રત્નકલાકાર તરીકે કામ કરતા કર્મચારીઓને મંદીના કારણે અચાનક છૂટા કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે ગવર્મેન્ટના નિયમ મુજબ પાંચ વર્ષથી વધુ એક જ સંસ્થામાં નોકરી કરી હોવાથી તમામ કર્મચારીઓને ગ્રેજ્યુએટી ની રકમ મળવાપાત્ર રહેતી હતી. પરંતુ આ રકમ એક પણ કર્મચારીને કંપની દ્વારા ચૂકવવામાં ન આવી હોવાના આક્ષેપ કરાઈ રહ્યા છે.

રત્ન કલાકારોને છૂટા કરાયા બાદ પોતાના હકના ગ્રેજ્યુટીના રૂપિયા પણ એક વર્ષ વીતી ગયા છતાં ન મળતા આખરે તમામ પૂર્વ કર્મચારીઓ રોષે ભરાયા છે.જેને લઈ જેબી બ્રધર હીરા કંપનીના પૂર્વ રત્નકલાકારો આજે ધરણા પર ઉતર્યા હતા.સુરતની બહુમાળી ખાતે આવેલ શ્રમ વિભાગ કચેરી ખાતે રત્નકલાકારો ગ્રેજ્યુઈટીને લઈ વિરોધ કરવામાં આવ્યો હતો.પોતાના હક માટે ૨૭૦ રત્નકલાકારો દ્વારા ધરણા પ્રદશન કરી આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.છેલ્લા ઘણા સમયથી રત્નકલાકારો કંપની પાસે પોતાના હક ના રૂપિયાની માંગ કરી રહ્યા છે. આખરે તેમને રૂપિયા ન મળતા તેમણે આંદોલનનો માર્ગ બનાવ્યો છે.

**માલપુરમાં પ્રેમ સંબંધમાં થયેલી હત્યાનો કેસ । ગંભીર હાલતમાં ગાડીમાં નાખી મારી નાખ્યો, ૩ હત્યારા ઝબ્બે**

# પરિણીતા પ્રેમી સાથે ભાગી જતાં ખૂની બદલો, યુવકના બાઈકને કારથી ટક્કર મારી

। વડોદરા, તા.૧૨ ।

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માલપુરમાં પ્રેમ સંબંધમાં થયેલી હત્યાનો કેસ શિનોર પોલીસે ૧૧ દિવસ બાદ ઉકેલ્યો છે. આ સનસનીખેજ બનાવમાં શિનોર તાલુકાના માલપુર ગામના રહેવાસી ઘનશ્યામ ઉર્ફ ધનીયો ઉર્ફ ગણેશ જયંતિભાઈ વસાવાની પત્ની સંગીતાએ ગામમાં રહેતા ૨૬ વર્ષિય મહેશ ઈશ્વરભાઈ વસાવા સાથે ભાગી જઈ ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના પાસે ગામમાં ઘર સંસારની શરૂઆત કરી હતી. પત્ની સંગીતા છૂટાછેડા વગર જ ગામના મહેશ વસાવા સાથે ભાગી જઈ સંસાર માંડતા ગામમાં અને સમાજમાં ગયેલી આબરુંથી પતિ ઘનશ્યામ વસાવા રોશે ભરાયો હતો. જેથી તેણે મહેશ વસાવાને મોતને ઘાટ ઉતારી દેવા માટે નક્કી કર્યું હતું. ઘનશ્યામને ખબર હતી કે, મહેશ પાણેથા રહે છે. અવાર-નવાર માલપુર ગામમાં આવે છે, જેથી તેણે માલપુર ગામમાં રહેતા તેના મિત્ર શકીલ રમજુસા દિવાનને મહેશ ગામમાં ક્યારે આવે છે તે અંગે ધ્યાન રાખવા જણાવ્યું હતું. અને આવે ત્યારે જાણ કરવા માટે કહ્યું હતું. ૩૦ નવેમ્બરના રોજ મહેશ વસાવા પોતાની મોટર સાઈકલ લઈને




બપોરના સમયે માલપુર ગામમાં આવ્યો હતો. જે અંગેની જાણ મહેશ ઉપર વોચ રાખનાર શકીલ દિવાને ઘનશ્યામને કરી હતી. ઘનશ્યામ પોતાના ભાઈ સંદિપ ઉર્ફ ગોગો જયંતિભાઈ વસાવાને કારમાં બેસાડી માલપુરથી સાધલી તરફ બાઈક લઈને જઈ રહેલા મહેશનો પીછો કર્યો હતો. સાધલીથી સુરાશામળ ગામ વચ્ચે મહેશ વસાવાની બાઈક પાછળ કારથી અકસ્માત સર્જ્યો હતો. જેમાં મહેશ બાઈક પરથી રોડ ઉપર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. પરંતુ તે બચી ગયો હતો. બાઈક ઉપરથી પટકાતા ગંભીર ઈજા પામેલ મહેશ લોહી લુહાણ થઈ રોડ ઉપર પડ્યો હતો. ત્યારે બે ભાઈઓ ઘનશ્યામ વસાવા અને સંદિપ વસાવા મહેશને ઉંચકી કારમાં બેસાડીને લઈ ગયા હતા. સાથે તેની બાઈક પણ કારમાં નાંખી લઈ ગયા હતા. રસ્તામાં ગંભીર ઈજાગ્રસ્ત મહેશ વસાવાને માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. મહેશ મોતને ભેટ્યા બાદ તેની લાશ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નાવરા ગામની સીમમાં આશિષ ઉર્ફ ચિરાગ પટેલના શેરડીના ખેતરમાં નાંખી ફરાર થઈ ગયા હતા. આ દરમિયાન હત્યારા ભાઈઓએ મહેશની મોટર સાઈકલની આગળ-પાછળની નંબર પ્લેટ તેમજ સાઈડ ગ્લાસ કાઢી માલસર પુલ ઉપરથી નર્મદા નદીમાં નાંખી દીધા હતા અને મોટર સાઈકલ રાયપુર ગામની સીમમાં બીનવારસી મૂકી પરત માલપુર પોતાના ગામ આવી ગયા હતા.

**તલાટી કમ મંત્રીની શૈક્ષણિક લાયકાતને લઇ મહત્વનો નિર્ણય લેવાયો**

# સ્નાતક થયેલા ઉમેદવારો જ તલાટી કમ મંત્રીની પરીક્ષા આપી શકશે

### તલાટીની તમામ પોસ્ટ ભરાઈ ગઈ હોવાના કારણે હાલમાં નજીકના ભવિષ્યમાં પરીક્ષાની કોઈ પણ જાતની શક્યતા દેખાતી નથી

। ગાંધીનગર, તા.૧૨ ।

હવેથી સ્નાતક થયેલા ઉમેદવારો જ તલાટી કમ મંત્રી બની શકશે. કારણ કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા તલાટી કમ મંત્રીની શૈક્ષણિક લાયકાતને લઈ મહત્વનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત તલાટી કમ મંત્રીની શૈક્ષણિક લાયકાત ૧૨ પાસ બદલીને સ્નાતક કક્ષાની કરી દેવાઈ છે. અત્રે નોંધનીય છે કે, હવેથી તલાટી કમ મંત્રી સંવર્ગની જાહેરાત સ્નાતક કક્ષાએ લેવામાં આવશે. જોકે તલાટીની તમામ પોસ્ટ ભરાઈ ગઈ હોવાના કારણે હાલમાં નજીકના ભવિષ્યમાં પરીક્ષાની કોઈ પણ જાતની શક્યતા દેખાતી નથી.ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ રાજ્યમાં તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કની પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોને ગાંધીનગરમાં નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા.

CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા. જેમાં પંચાયત સેવાના ૩૦૧૪ તલાટી કમ મંત્રીને નોકરી મળશે. તો ૯૯૮ જૂનિયર ક્લાર્કને પણ નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમમાં CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા.

**સ્ટર્લિંગ સેન્ટર બિલ્ડિંગના ત્રીજા માળે આગ લાગવાની ઘટના બની**

# અલકાપુરીમાં આવેલી સ્ટર્લિંગ સેન્ટર બિલ્ડિંગમાં આગ લાગી

### આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ છે અને ફાયર બ્રિગેડની ટીમે આગને કાબૂમાં લેવા પ્રયાસ હાથ ધર્યા

। વડોદરા, તા.૧૨ ।

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં સ્ટર્લિંગ સેન્ટર બિલ્ડિંગના ત્રીજા માળે આગ લાગવાની ઘટના બની છે. આગ લાગતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ફાયર બ્રિગેડની ટીમે આગને કાબૂમાં લેવા પ્રયાસ હાથ ધર્યા છે.

વડોદરામાં અલકાપુરીમાં આવેલા સ્ટર્લિંગ સેન્ટર બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ઢજીજીર કંપનીની ઓફિસમાં આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. આગ લાગવાની ઘટનાના પગલે અલકાપુરી વિસ્તારમાં અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ ફાયર આગની ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરતા તેમની ટીમ તાતિકાલિક સ્થળ પર પહોંચી છે. વડોદરાના અલકાપુરી વિસ્તારમાં સ્ટર્લિંગ સેન્ટર બિલ્ડિંગના ત્રીજા માળે આગ લાગવાની ઘટના બની છે. આગ લાગતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ફાયર બ્રિગેડની ટીમે આગને કાબૂમાં લેવા પ્રયાસ હાથ ધર્યા છે.

# ભારત સરકારના વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય ભરતભાઈ બાબુભાઈ પટણી મહીસાગર જીલ્લાની મુલાકાતે

। મહીસાગર, તા.૧૨ ।

ભારત સરકારના વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્યશ્રી ભરતભાઈ બાબુભાઈ પટણી મહીસાગર જીલ્લાની મુલાકાતે આવ્યા હતા.લુણાવાડા વિશ્રામ ગૃહ ખાતે વિવિધ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ભરતભાઈ પટણી એ જણાવ્યું હતું કે સરકાર દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના વિકાસ અને કલ્યાણ માટે બોર્ડ બનાવ્યું છે તેના સભ્ય તરીકે આજે મહીસાગર જિલ્લાના પદાધિકારીઓ સાથે સંવાદ સાધી વેલફર બોર્ડની હાઉસની સ્કી, સ્કીલ ડેવલોપમેન્ટ, હુનર હાટ, જૂથ વીમા સહિતની જાતિ પ્રમાણપત્ર અંગેની મુશ્કેલીઓ તેમજ ૦૬-૦૬-૨૦૦૩ ના જીઆર મુજબ મફત પ્લોટ ફાળવણી, શિક્ષણ, સ્કોલરશીપ સહિતના મુદ્દાઓની ચર્ચા તેમજ ભારત સરકારની યોજના અંગે જાણકારી આપી છે. આ બેઠકમાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) ધ્વારા વિધાર્થીઓ / લાભાર્થીઓને ચૂકવેલ સહાયની વિગત ચર્ચા કરતા જણાવ્યું



હતું કે, જિલ્લામાં વર્ષ.૨૦૨૩-૨૪માં વિચરતી-વિમુક્ત જાતિના ધો.૧ થી ૧૦ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ / ગણવેશ યોજનામાં કુલ ૧૮૫૯ વિધાર્થીઓને કુલ રૂ.૩૧.૫૫ લાખ શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય ચુકવવામાં આવેલ છે. વિચરતી-વિમુક્ત જાતિના ધો.૧૧-૧૨ તથા ઉચ્ચ અભ્યાસ માટે કુલ ૬૦ વિધાર્થીઓને રૂ. ૨૦.૧૬ લાખ શિષ્યવૃત્તિ મંજુર કરવામાં આવેલ, વિચરતી-વિમુક્ત જાતિના પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે પ્રથમ હપ્તા પેટે કુલ ૭૮ લાભાર્થીઓને રૂ.૩૧.૨૦ લાખ, બીજા હપ્તા પેટે કુલ ૧૯૩ લાભાર્થીઓને રૂ.૧૧૫.૨૨ લાખ અને ત્રીજા હપ્તા પેટે કુલ ૧૧૧ લાભાર્થીઓને રૂ.૨૧.૯૦ લાખ આમ એકંદરે કુલ રૂ.૧૬૮.૩૨ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.

**સાબરકાંઠાના ગામમાં દીપડાનો આતંક**

# વડાલીના ગામડી ગામે છેલ્લા છ માસથી દીપડાનો ભય

### સ્થાનિક કક્ષાએ આ મામલે તંત્ર દ્વારા કોઇ પગલું ન લેવાય તો આગામી સમયમાં દીપડાના મામલે ઉગ્ર આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી છે

। સાબરકાંઠા, તા.૧૨ ।

સાબરકાંઠાના વડાલી તાલુકાનું ગામડી ગામ ડુંગરની તળેટીમાં આવેલું છે. જોકે, સ્થાનિક ગ્રામજનો માટે હાલના તબક્કે દિવસે પણ જેલમાં રહેતા હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. રાત્રિના સમયે દીપડો ગામમાં આવે તો નવાઈની વાત નથી પરંતુ હવે દીપડો દિવસે પણ ગ્રામજનોના ઘરના આંગણા સુધી આવતો થયા ના પગલે ગામમાં ભય વ્યાપ્યો છે. ગામમાં રહેતા ખેડૂતો પશુપાલકો વિદ્યાર્થીઓ સહિત સ્થાનિકો માટે હવે દીપડો પ્રાણ પ્રશ્ન બની રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી દીપડાના મામલે સ્થાનિક વન વિભાગથી લઈને ધારાસભ્ય સુધી હજારો રજૂઆતો કરાઈ હોવા છતાં આજદિન સુધી આ મામલે કોઈ પગલા ન લેવાતા હવે ગ્રામજનો અપના હાથ જગન્નાથની યુક્તિ પ્રમાણે સ્વરક્ષણ માટે લાકડીઓ લઈ ફરતા થયા છે.

**લગ્નની શરણાઇઓ વચ્ચે ચોરની કરામત**

# લગ્ન વિધિ દરમિયાન ૨૩ તોલા સોનાના દાગીના ભરેલી બેગની ચોરી થઇ

### આ સમગ્ર ચોરીના ઘટના ઘટી હોવા છતાં હજુ સુધી આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઇ નથી

। વલસાડ, તા.૧૨ ।

ગુજરાતમાં અત્યારે લગ્નની સિઝન પુરજોશમાં ચાલી રહી છે, એકબાજુ લોકો લગ્નની મોજ કરી રહ્યાં છે, તો બીજીબાજુ ચોરીની ઘટનાઓ વધી રહી છે, અમદાવાદ બાદ હવે વલસાડમાંથી લગ્ન મંડપમાંથી ચોરીની ઘટના સામે આવી છે. વલસાડના ઉમરગામના એક ગામમાં લગ્ન વિધિ દરમિયાન ૨૩ તોલા સોનાના દાગીના ભરેલી બેગ ગાયબ થઈ જતાં દોડધામ મચી ગઈ હતી. જોકે, હજુ સુધી આ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. મળતી માહિતી પ્રમાણે, વલસાડ જિલ્લામાં એક અનોખી ચોરીની ઘટનાએ તમામને ચોંકાવી દીધા છે. વલસાડ જિલ્લાના ઉમરગામના નાહુલી ગામમાં એક લગ્ન સમારંભ ચાલી રહ્યો હતો, લગ્નની શરણાઈઓ વાગી રહી હતા અને આ બધાની વચ્ચે એક ગઠિયો તકનો લાભ લઈને લગ્ન મંડપમાંથી સોનાના દાગીના ભરેલી બેગ ગાયબ કરી ગયો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર

ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨